# સાબરમતી

नदीमुखेनैव समुद्रमाविशेत्

અંક:09 | સપ્ટેમ્બર 2026

ભાદરવો



# સાંકળિયું


1. પ્રાકૃતિક ખેતીના પ્રખર પ્રણેતા આચાર્ય દેવવ્રતજી ..................................... 4
   - હિતેશ જાગાણી

2. આંતરરાષ્ટ્રીય સૂક્ષ્મજીવ દિવસ......................................................... 6
   - પ્રીતિ શુક્લ

3. युवाओ को राष्ट्र निर्माण और सामाजिक सहभागिता के लिए एक स्वर्णिम अवसर ....... 8
   - नीरज सिलावट

4. भगतसिंह पर वार्तालाप.......................................................... 10
   - विक्रमसिंह अमरावत एवं राकेश शर्मा

5. સપ્ટેમ્બર માસની મહત્ત્વની ઘટનાઓ............................................ 12
   - નીતિન ઢાઢોદરા

6. ઓળખીએ આપણા વિદ્યાર્થી પ્રતિનિધિઓને ........................................ 14
7. રાજ્યસ્તરીય સેમિનાર: જાહેર પરીક્ષાઓમાં સુધારા .................................. 16
8. કાર્ય પ્રસ્તુતિકરણ કાર્યક્રમ.......................................................... 17
9. પ્રવૃત્તિ દર્પણ........................................................................ 18
   - અદ્વૈતા દવે
     - પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર
     - વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ
     - તહેવારોની ઉજવણી
     - અન્ય પ્રવૃત્તિઓ
     - રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના શૈક્ષણિક તથા સામાજિક મંચો પર કુલપતિશ્રીની સક્રિય સહભાગિતા



**તંત્રી**
ડૉ. હર્ષદ પટેલ

**પ્રકાશક**
ડૉ. હિમાંશુ પટેલ

**મુખ્ય સંપાદક**
ડૉ. ધ્વનિલ પારેખ

**અતિથિ સંપાદક**
ડૉ. નીતિન ઢાઢોદરા

**સંપાદન મંડળ**
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે
ડૉ. નિમેષ ચૌધરી
ડૉ. કમલેશ સાળુંકે
પ્રીતિબેન શુક્લ

**ગ્રાફિક ડિઝાઇન**
યોગેશ પ્રજાપતિ

**ફોટોગ્રાફ્સ**
ધ્રુવ દવે

# સંપાદકીય

ડૉ. નીતિન ઢાઢોદરા

શિક્ષણનું મુખ્ય ધ્યેય શું છે? માત્ર પુસ્તકો વાંચવાં, પરીક્ષા આપવી અને પદવી મેળવવી? કે પછી આપણને જીવનને સમજવાની, સમાજ સાથે જોડાવાની અને આપણી આસપાસની દુનિયા પ્રત્યે જવાબદાર બનવાની દિશા આપવાનું ? 'સાબરમતી'ના આ અંકના લેખો અને પ્રવૃત્તિઓમાંથી પસાર થતાં એક વાત સ્પષ્ટ થાય છે—શિક્ષણ ત્યારે જ સાચું બને છે, જ્યારે તે જીવન સાથે જોડાય છે.

ડૉ. હિતેશ જાગાણીનો લેખ આપણને ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીનો પ્રાકૃતિક ખેતી પ્રત્યેનો અભિગમ અને સમાજમાં પરિવર્તન લાવવાની શક્તિ સમજાવે છે. સ્થાનિક સંસાધનોનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર બનવાની શીખ આપે છે. રાષ્ટ્રીય સેવા યોજના વિશેનો ડૉ. નીરજ સિલાવટનો લેખ વિદ્યાર્થીઓને સેવા અને સમાજ સાથેના અનુબંધનું શૈક્ષણિક મહત્ત્વ સમજાવે છે. ગામ, સમાજ અને જરૂરિયાતમંદ લોકો સાથે જોડાઈને વિદ્યાર્થી ઘણું એવું શીખે છે, જે કોઈ પુસ્તકમાંથી શીખી શકાતું નથી. ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણપરંપરામાં આવા જીવન સાથે જોડાયેલા શિક્ષણનું વિશેષ મહત્ત્વ છે.

સૂક્ષ્મજીવો વિશેનો ડૉ. પ્રીતિબેન શુક્લનો લેખ આપણને પ્રકૃતિના એવા વિશ્વની ઓળખ કરાવે છે, જે આંખે દેખાતું નથી, છતાં આપણા જીવનમાં તેની ભૂમિકા ખૂબ મોટી છે. વિદ્યાર્થીએ ડૉ. વિક્રમસિંહ અમરાવત સાથે કરેલો શહિદ ભગતસિંહ વિષયક સંવાદ અપણને વિચારવા અને પ્રશ્નો પૂછવા પ્રેરે છે. ભગતસિંહ માત્ર શહીદ નહોતા; તેઓ જિજ્ઞાસુ અને વિચારશીલ યુવાન પણ હતા. તેમના જીવનમાંથી આપણે નિર્ભયતા સાથે વિચારવાની અને પોતાના સમયના પ્રશ્નોને સમજવાની પ્રેરણા મેળવી શકીએ છીએ.

આ અંકમાં ગૂજરાત વિદ્યાપીઠની સાતેય વિદ્યાશાખાના વિદ્યાર્થી પ્રતિનિધિઓનો પરિચય પણ આપવામાં આવ્યો છે. સાથે સાથે, ઑગસ્ટ 2026 દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય પણ રજૂ કરવામાં આવ્યો છે.

'સાબરમતી'નો આ અંક માત્ર લેખોનો સંગ્રહ નથી; તે શીખવાની, વિચારવાની અને જીવન સાથે જોડાવાની એક નાની સફર છે. આ સફર આપના જ્ઞાન, ભાવ અને વિચારોને નવી દીશા આપશે એવી મને શ્રદ્ધા છે.

## લેખકોને...

આપના વિચારો અને સર્જનાત્મક અભિવ્યક્તિને 'સાબરમતી' સુધી પહોંચાડવા હાર્દિક આમંત્રણ છે.

- 'સાબરમતી' માટે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પાસેથી મૌલિક અને સર્જનાત્મક લેખો આવકાર્ય છે.
- લેખો વ્યક્તિત્વ વિકાસ, સામાન્ય જ્ઞાન, સામાન્ય સજ્જતા, વર્તમાન પ્રવાહો, શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ, કળા તથા ગૂજરાત વિદ્યાપીઠની પરંપરા-ઈતિહાસ જેવા વિષયો પર આધારિત હોય તે ઈચ્છનીય છે.
- લેખની આશરે 1200થી 1500 શબ્દોમાં હોય તે અપેક્ષિત છે.
- લેખની ભાષા, જોડણી, વ્યાકરણ અને વાક્યરચનામાં ભૂલો ન હોય તે અપેક્ષિત છે.
- લેખ ટાઈપ કરીને sabarmati@gujaratvidyapith.org ઈ-મેઈલ એડ્રેસ પર મોકલવા વિનંતી છે.
- સંપાદકીય સમિતિની ભલામણ મુજબ જરૂરી સુધારા-ફેરફાર કરવા લેખકનો સહકાર અપેક્ષિત છે.
- સંપાદકીય સમિતિ દ્વારા સ્વીકૃત લેખો યોગ્ય ક્રમ અને આયોજન અનુસાર 'સાબરમતી'માં પ્રકાશિત કરવામાં આવશે.



# પ્રાકૃતિક ખેતીના પ્રખર પ્રણેતા આચાર્ય દેવવ્રતજી

- હિતેશ એન. જાગાણી

કૃષિ ભારતના આર્થિક અને સામાજિક જીવનનું મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે. ખેતી માત્ર ખાદ્ય ઉત્પાદનનું સાધન નથી, પરંતુ ગ્રામ્ય રોજગારી, આવક, જીવનનિર્વાહ અને સ્થાનિક અર્થતંત્ર સાથે સીધી રીતે જોડાયેલી છે. જોકે આધુનિક કૃષિમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધતા ઉપયોગથી લાંબા ગાળે જમીનની ગુણવત્તા, ખેતી ખર્ચ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર વગેરે પ્રશ્નો ઊભા થયા છે. આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી ઓછા ખર્ચે અને સ્થાનિક સંસાધનોના ઉપયોગ પર આધારિત એક ટકાઉ અને પર્યાવરણમૈત્રી વિકલ્પરૂપ કૃષિ અભિગમ તરીકે સામે આવે છે. પ્રાકૃતિક ખેતીમાં જમીનની કુદરતી જીવંતતા, સૂક્ષ્મજીવો, જૈવ વૈવિધ્ય, પશુધન અને સ્થાનિક સંસાધનોને કૃષિ વ્યવસ્થાના અભિન્ન ભાગ તરીકે જોવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર અને અમલીકરણમાં આચાર્ય દેવવ્રતજીનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આચાર્ય દેવવ્રતજી આ વિચારને વ્યાપક ખેડૂત સમુદાય સુધી પહોંચાડનારા મહત્ત્વપૂર્ણ પ્રચારકોમાંના એક છે. શિક્ષણ, સમાજસેવા, ગોપાલન અને કૃષિ ક્ષેત્રના તેમના અનુભવને કારણે પ્રાકૃતિક ખેતી અંગેના તેમના અભિગમને વ્યાપક સામાજિક અને ગ્રામ્ય વિકાસના સંદર્ભમાં પણ સમજાવી શકાય છે. પ્રાકૃતિક ખેતી માત્ર રાસાયણિક ઇનપુટ્સના વિકલ્પ તરીકે નહીં પરંતુ જમીન, પાણી, પશુધન, જૈવ વૈવિધ્ય, ખેડૂત અને ગ્રામ્ય અર્થતંત્ર વચ્ચે સંતુલન સ્થાપિત કરનારી સંકલિત પદ્ધતિ તરીકે જોવામાં આવે છે.

### આચાર્ય દેવવ્રતજીનો પરિચય

આચાર્ય દેવવ્રતજીનો જન્મ 18 જાન્યુઆરી, 1959ના રોજ સમલખા, પંજાબમાં થયો હતો. તેઓ આર્ય સમાજના પ્રચારક, શિક્ષણવિદ્, સમાજસેવક, યોગ, આયુર્વેદ, નિસર્ગોપચાર તથા પ્રાકૃતિક ખેતીના સમર્થક તરીકે કાર્યરત રહ્યા છે. તેમણે કુરુક્ષેત્ર, હરિયાણામાં ગુરુકુળના આચાર્ય તરીકે સેવા આપી છે. 1981થી જુલાઈ 2015 સુધી ગુરુકુલ કુરુક્ષેત્રના પ્રચારક તરીકે કાર્ય કર્યું. તેઓશ્રી 12 ઑગસ્ટ, 2015થી 21 જુલાઈ, 2019 સુધી હિમાચલ પ્રદેશના રાજ્યપાલ રહ્યા. તેઓશ્રી 22 જુલાઈ, 2019માં ગુજરાતના રાજ્યપાલ બન્યા અને ગૂજરાત વિદ્યાપીઠના 12 મા કુલપતિ તરીકે સેવા આપી રહ્યા છે.

તેમને, ગોપાલન અને ગોવંશનું કાર્ય કરવાનો ચાર દાયકાનો અનુભવ છે. તેમણે હિમાચલ પ્રદેશમાં પ્રાકૃતિક કૃષિ, ગોપાલન અને ગૌવંશ, સામાજિક સુધારણા, બેટી બચાવો-બેટી ભણાવો, સમરસતા, નશામુક્તિ, સ્વચ્છ હિમાચલ અભિયાન, વૃક્ષારોપણ અને જળ-રક્ષણ જેવા અભિયાનોમાં સરકાર અને જનભાગીદારીનો સમન્વય કર્યો હતો. કૃષિ ક્ષેત્રે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવામાં સતત કાર્યરત રહ્યા છે. તેમણે પોતાના જીવનમાં સાદગી, સ્વાવલંબન અને ભારતીય પરંપરાગત જીવનમૂલ્યોને અપનાવ્યા છે.

આચાર્ય દેવવ્રતજીએ હરિયાણાના કુરુક્ષેત્ર સ્થિત પોતાના ગુરુકુળ અને ખેતીક્ષેત્રમાં વર્ષો સુધી પ્રયોગો કરીને રાસાયણિક ખેતીને સંપૂર્ણપણે છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવી. તેમણે અનુભવ્યું કે જમીનને જીવંત રાખવા માટે રાસાયણિક ખાતરોની નહીં પરંતુ કુદરતી જૈવિક પ્રક્રિયાઓની જરૂર છે. આ સફળ પ્રયોગોએ તેમને સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર માટે પ્રેરિત કર્યા. આ પ્રયોગાત્મક અનુભવ બાદ તેમણે પ્રાકૃતિક ખેતીના પ્રચારને વ્યાપક જનઆંદોલન સાથે જોડવાનો પ્રયાસ કર્યો. તેમનો અભિગમ માત્ર ભાષણો સુધી મર્યાદિત ન રહી ખેડૂત સંવાદ, તાલીમ, ખેતરની મુલાકાતો અને પ્રદર્શન ખેતરો સુધી વિસ્તર્યો.

તેઓશ્રીના મતે રાસાયણિક ખાતરો (યુરિયા, ડીએપી) અને જંતુનાશકોથી જમીનનો ઑર્ગેનિક કાર્બન 2-2.5%થી ઘટીને 0.5%થી નીચે પહોંચી ગયો છે, જમીન કઠણ બની છે, પાણીનું સ્તર ઘટ્યું છે અને કેન્સર, ડાયાબિટીસ જેવા રોગો વધ્યા છે. - પ્રાકૃતિક ખેતી જમીન, પાણી, હવા અને માનવ સ્વાસ્થ્યને બચાવે છે, ખેડૂતની આવક વધારે છે અને આવનારી પેઢીને ઝેરમુક્ત ખોરાક આપે છે. તેઓ કહે છે કે આ “સૂક્ષ્મ જીવાણુઓની ખેતી” છે અને જંગલની જેમ કુદરતી રીતે થાય છે.



આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક ખેતીના નીચેના સિદ્ધાંતો પર ભાર મૂકે છે:

- રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો સંપૂર્ણ ત્યાગ
- દેશી ગાય આધારિત ખેતીને પ્રોત્સાહન
- જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત અને આચ્છાદન (મલ્ચિંગ)નો ઉપયોગ
- જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોનું સંરક્ષણ
- પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ
- જૈવ વૈવિધ્યનું સંવર્ધન
- ખેડૂતની આત્મનિર્ભરતા અને ઓછા ખર્ચે ખેતી

દેશી ગાય આધારિત ખેતી તેમના અભિગમનું વિશિષ્ટ પાસું છે. દેશી ગાયનું છાણ અને ગૌમૂત્ર ઉપયોગમાં લઈને વિવિધ કુદરતી ઇનપુટ્સ તૈયાર કરી શકાય છે. આ પદ્ધતિનો હેતુ જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોને સક્રિય કરવાનો અને જમીનની કુદરતી ફળદ્રુપતા જાળવવાનો છે. આ રીતે પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતને બહારથી ખરીદાતા ઇનપુટ્સ પરની નિર્ભરતા ઘટાડીને સ્થાનિક સંસાધનોનો વધુ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેથી તે ખેડૂતની આત્મનિર્ભરતા અને ઓછા ખર્ચની ખેતી સાથે પણ જોડાય છે.

ગુજરાતના રાજ્યપાલ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે પ્રાકૃતિક ખેતીને રાજ્યવ્યાપી અભિયાનનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો. કૃષિ વિભાગ, કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, ખેડૂતો અને અન્ય સંસ્થાઓ સાથે સંવાદ દ્વારા પ્રાકૃતિક ખેતીના વિસ્તરણ માટે પ્રયત્નો કરવામાં આવ્યા. ગામડાંની મુલાકાતો, ખેડૂત સંમેલનો, તાલીમ અને પ્રદર્શન ખેતરો આ અભિયાનના મુખ્ય સાધનો બન્યા. તેમનો મુખ્ય ભાર ખેડૂતોને વ્યવહારુ રીતે પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ સમજાવવા પર રહ્યો છે. તેમણે લાખો ખેડૂતોને રાસાયણિક ખેતીના નુકસાન અને પ્રાકૃતિક ખેતીના લાભો વિશે જાગૃત કર્યા છે. તેમના પ્રયાસોથી અનેક ખેડૂતો ખેતી ખર્ચમાં ઘટાડો કરી વધુ નફાકારક અને પર્યાવરણમૈત્રી ખેતી તરફ આગળ વધ્યા છે.

હિમાચલ પ્રદેશમાં રાજ્યપાલ તરીકે (2015-2019) તેમણે પ્રાકૃતિક ખેતી અભિયાન શરૂ કર્યું. આજે ત્યાં 1.5 લાખથી વધુ ખેડૂતો આ પદ્ધતિ અપનાવી ચૂક્યા છે.

ગુજરાતમાં 2019થી તેઓશ્રી આ અભિયાનને મિશન મોડમાં ચલાવી રહ્યા છે. હજારો ખેડૂતો રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ડાંગ જિલ્લો ભારતનો પ્રથમ 100% પ્રાકૃતિક ખેતી જિલ્લો જાહેર થયો છે.આચાર્ય દેવવ્રતજીના પ્રયાસોથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી અપનાવતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. 2019માં આશરે 35,000 ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા હતા જ્યારે 2023માં 8,71,316 અને ડિસેમ્બર 2024ના અહેવાલ મુજબ 9,75,761 ખેડૂતોનો ઉલ્લેખ છે. 2026ના અહેવાલ અનુસાર આશરે 3.79 લાખ એકર જમીન પર પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. 92,014 ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ડાંગ જિલ્લો સંપૂર્ણપણે રસાયણમુક્ત છે, જ્યાં આદિવાસી ખેડૂતો સંપૂર્ણપણે પ્રાકૃતિક સામગ્રી પર નિર્ભર છે અને પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

ગુજરાતમાં તેઓશ્રીના આ અભિયાનથી ખેડૂતોમાં રાસાયણિક ખેતીના નુકસાન અંગે જાગૃતિ વધી, ગાય આધારિત ખેતીની પદ્ધતિઓનો પ્રચાર થયો, ખેતીના બહારથી ખરીદવાના ઇનપુટ્સ પરનો ખર્ચ ઘટાડવાનો પ્રયાસ થયો, જમીનની ફળદ્રુપતા અને સજીવતા અંગે ચર્ચા વધી, ગૌશાળાઓ અને દેશી ગાયોના સંરક્ષણને કૃષિ સાથે જોડવામાં આવ્યું, પ્રાકૃતિક ઉત્પાદનો માટે સ્થાનિક બજારો ઊભાં કરવાની શરૂઆત થઈ, તાલીમ, પ્રદર્શન ખેતરો અને ખેડૂત સંમેલનોનું નેટવર્ક વિસ્તર્યું.

પ્રાકૃતિક ખેતી અને ગાંધીજીના ગ્રામ સ્વરાજ તથા સ્વદેશીના વિચારો વચ્ચે પણ સામ્ય જોવા મળે છે. સ્થાનિક સંસાધનો, સ્વાવલંબન અને ગામની આર્થિક સક્ષમતા પરનો ભાર ગાંધીજીના ગ્રામ વિકાસના વિચારો સાથે સંબંધિત છે.

આચાર્ય દેવવ્રતજીના કાર્યનમાં જાગૃતિ, તાલીમ અને સંસ્થાકીય સહકાર તેમના અભિગમના ત્રણ મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ તરીકે સામે આવે છે.

અંતે કહી શકાય કે પ્રાકૃતિક ખેતીને માત્ર કૃષિની એક પદ્ધતિ તરીકે નહીં પરંતુ ખેડૂત આત્મનિર્ભરતા, સ્થાનિક સંસાધનોનો સદુપયોગ, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામ્ય વિકાસને જોડતા સંકલિત અભિગમ તરીકે જોવાની જરૂર છે. આ દિશામાં આચાર્ય દેવવ્રતના પ્રયાસો ભારતીય કૃષિ અને ગ્રામ્ય વિકાસના અભ્યાસ માટે મહત્ત્વપૂર્ણ સંદર્ભ પૂરો પાડે છે.

આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક ખેતીને માત્ર ખેતી પદ્ધતિ નહીં પણ પર્યાવરણ, આરોગ્ય અને ખેડૂત કલ્યાણનું મિશન માને છે. તેમના પ્રયાસોથી ગુજરાત અને હિમાચલમાં આ અભિયાન મોટા પાયે ફેલાયું છે અને રાષ્ટ્રીય સ્તરે પણ પ્રેરણા બની રહ્યું છે. આથી પ્રાકૃતિક ખેતીને માત્ર કૃષિ તકનિક નહીં પરંતુ સામૂહિક ગ્રામ્ય વિકાસની પ્રક્રિયા તરીકે પણ જોઈ શકાય છે. આ રીતે પ્રાકૃતિક ખેતી જમીન અને પાક સુધી મર્યાદિત ન રહી ખેડૂત, પશુધન, પર્યાવરણ અને ગ્રામ્ય અર્થતંત્રને એકસાથે જોડે છે.



# આંતરરાષ્ટ્રીય સૂક્ષ્મજીવ દિવસ

## અદૃશ્ય વિશ્વનું અદ્ભુત મહત્ત્વ અને માનવજાત માટે તેનો સંદેશ

- પ્રીતિ શુક્લ

**પ્રસ્તાવના**

આપણે રોજ જે વિશ્વને આંખે જોઈએ છીએ, તેનાથી અનેકગણું વિશાળ અને જીવંત એક અદૃશ્ય વિશ્વ આપણી આસપાસ અસ્તિત્વ ધરાવે છે. આ વિશ્વના મુખ્ય નિવાસીઓ છે—સૂક્ષ્મજીવો. બેક્ટેરિયા, આર્કિયા, ફૂગ, પ્રોટોઝોઆ, સૂક્ષ્મ સેવાળ અને વાયરસ જેવા સૂક્ષ્મજીવો કદમાં અતિ નાના હોવા છતાં પૃથ્વી પરના જીવન અને પર્યાવરણ પર તેમની અસર અત્યંત વિશાળ છે. માનવ આરોગ્યથી લઈને કૃષિ, ખાદ્ય ઉત્પાદન, ઔદ્યોગિક પ્રક્રિયાઓ અને પર્યાવરણ સંરક્ષણ સુધી તેમનું યોગદાન નોંધપાત્ર છે.



સૂક્ષ્મજીવોના આ વિશાળ વિશ્વ પ્રત્યે જાગૃતિ, વૈજ્ઞાનિક રસ અને સમજ વધારવા માટે દર વર્ષે 17 સપ્ટેમ્બરે 'International Microorganism Day' ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર એક ઉજવણી નથી; તે માઇક્રોબાયોલોજીના મહત્ત્વને સમજવાનો, સૂક્ષ્મજીવો પ્રત્યે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાનો અને તેમના લાભદાયક ઉપયોગો અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો અવસર છે.

**17 સપ્ટેમ્બરનું ઐતિહાસિક મહત્ત્વ**

17 સપ્ટેમ્બર માઇક્રોબાયોલોજીના ઇતિહાસમાં વિશેષ સ્થાન ધરાવે છે. 17 સપ્ટેમ્બર, 1683ના રોજ ડચ વૈજ્ઞાનિક Antonie van Leeuwenhoek એ Royal Society of London ને લખેલા પત્રમાં પોતાના માઇક્રોસ્કોપ દ્વારા દાંતની પ્લાકમાં જોવા મળતા સૂક્ષ્મ જીવંત સજીવોનું વર્ણન કર્યું હતું. તેમના ઉત્કૃષ્ટ લેન્સ અને જિજ્ઞાસુ અવલોકનોએ માનવજાત સામે એક નવું અદૃશ્ય જીવનજગત ખોલી આપ્યું.

આ ઘટના આધુનિક માઇક્રોબાયોલોજીના વિકાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવે છે. 17 સપ્ટેમ્બરને International Microorganism Day તરીકે ઉજવવાની પહેલ Portuguese Society of Microbiology દ્વારા કરવામાં આવી અને ત્યારબાદ આ દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક સ્વીકાર મળ્યો. આ ઐતિહાસિક પ્રસંગ આપણને શીખવે છે કે વૈજ્ઞાનિક પ્રગતિ ઘણી વખત જિજ્ઞાસા, સચોટ અવલોકન અને પ્રશ્ન પૂછવાની વૃત્તિથી શરૂ થાય છે.

**માનવ આરોગ્ય અને સૂક્ષ્મજીવો**

માનવ શરીર અને સૂક્ષ્મજીવો વચ્ચેનો સંબંધ અત્યંત ગાઢ છે. આપણા શરીરમાં અબજો સૂક્ષ્મજીવો વસે છે, જે મળીને વિવિધ microbial communities બનાવે છે. આંતરડામાં રહેલા કેટલાક લાભદાયક સૂક્ષ્મજીવો પાચનક્રિયા, પોષક તત્ત્વોના ઉપયોગ અને શરીરની સામાન્ય જૈવિક પ્રક્રિયાઓમાં સહાય કરે છે. દહીં અને અન્ય fermented foodsમાં જોવા મળતા કેટલાક લેક્ટિક એસિડ બેક્ટેરિયા ખાદ્ય ગુણવત્તા તથા માનવ આરોગ્ય માટે ઉપયોગી બની શકે છે.



આરોગ્યકારી સૂક્ષ્મજીવો

પરંતુ સૂક્ષ્મજીવોની બીજી બાજુ પણ છે. કેટલાક બેક્ટેરિયા, વાયરસ, ફૂગ અને પરોપજીવી રોગોનું કારણ બની શકે છે. તેથી સ્વચ્છતા, સુરક્ષિત પાણી, યોગ્ય ખાદ્ય સંભાળ, રસીકરણ અને ચેપ નિયંત્રણનું મહત્ત્વ સમજવું જરૂરી છે. આજના સમયમાં antimicrobial resistance પણ ગંભીર વૈશ્વિક પડકાર છે. તેથી એન્ટિબાયોટિકનો ઉપયોગ માત્ર યોગ્ય વૈજ્ઞાનિક સલાહ મુજબ અને જવાબદારીપૂર્વક કરવો જોઈએ.



રોગકારક સૂક્ષ્મજીવો

## કૃષિ અને પર્યાવરણમાં અદૃશ્ય સહયોગીઓ

સૂક્ષ્મજીવો કુદરતી પર્યાવરણીય વ્યવસ્થાના અદૃશ્ય સહયોગી છે. કાર્બન, નાઇટ્રોજન, સલ્ફર અને ફોસ્ફરસ જેવા તત્ત્વોના ચક્રમાં તેમની અગત્યની ભૂમિકા છે. મૃત જૈવિક પદાર્થના વિઘટનથી પોષક તત્ત્વો ફરી જમીન અને પર્યાવરણમાં ઉપલબ્ધ થાય છે.



**પર્યાવરણીય અને કૃષિક્ષેત્રે ઉપયોગી સૂક્ષ્મજીવો**

કૃષિમાં નાઇટ્રોજન સ્થિરીકરણ કરનારા સૂક્ષ્મજીવો, ફોસ્ફેટ દ્રાવ્યીકરણ કરનારા સૂક્ષ્મજીવો તથા વિવિધ plant-growth-promoting microorganisms પાકના વિકાસમાં મદદરૂપ થઈ શકે છે. Biofertilizers અને biocontrol agents જેવી microbial technologies રાસાયણિક ઇનપુટ પરની નિર્ભરતા ઘટાડવા તથા ટકાઉ ખેતી તરફ આગળ વધવા માટે ઉપયોગી બની શકે છે. પ્રદૂષિત માટી અથવા પાણીના જૈવિક શુદ્ધિકરણમાં પણ સૂક્ષ્મજીવોનો ઉપયોગ થાય છે, જેને bioremediation કહેવામાં આવે છે.



**નાઇટ્રોજન સ્થિરીકરણમાં ઉપયોગી સૂક્ષ્મજીવો,**

## ખાદ્ય, ઔદ્યોગિક અને બાયોટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ

માનવજાતે પ્રાચીન સમયથી જ સૂક્ષ્મજીવોની શક્તિનો ઉપયોગ કર્યો છે. દહીં, છાશ, રોટલી, ચીઝ અને વિવિધ fermented foods તેની સાબિતી છે. આધુનિક વિજ્ઞાને આ કુદરતી પ્રક્રિયાઓને નિયંત્રિત કરીને ઔદ્યોગિક ઉત્પાદનની શક્તિશાળી પદ્ધતિઓમાં પરિવર્તિત કરી છે.



**ખાદ્ય, ઔદ્યોગિક અને બાયોટેકનોલોજીક્ષેત્ર માં ઉપયોગી સૂક્ષ્મજીવો**

સૂક્ષ્મજીવોની મદદથી પેનિસિલિન, સિટ્રિક એસિડ, ઇથેનોલ, વિટામિન B12, એમિનો એસિડ્સ, એમાઇલેઝ તથા અન્ય અનેક એન્ઝાઇમ્સનું ઔદ્યોગિક ઉત્પાદન થાય છે. બાયોગેસ, wastewater treatment અને જૈવિક કચરાના સંચાલનમાં પણ microbial biotechnology મહત્ત્વપૂર્ણ છે. આથી સૂક્ષ્મજીવો માત્ર માઇક્રોસ્કોપ હેઠળ અભ્યાસ કરવાનો વિષય નથી, પરંતુ આરોગ્ય, ઉદ્યોગ, અર્થતંત્ર અને ટકાઉ વિકાસના મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે.



**ઔદ્યોગિક ઉત્પાદનમાં ઉપયોગી સૂક્ષ્મજીવો**

## ભવિષ્યની દિશા: નવી પેઢી માટે નવી તકો

આજના યુગમાં microbiome research, metagenomics, synthetic biology, microbial biotechnology અને precision fermentation જેવા ક્ષેત્રો ઝડપથી વિકસી રહ્યા છે. હવામાન પરિવર્તન, ખાદ્ય સુરક્ષા, નવી દવાઓ, સ્વચ્છ ઊર્જા અને પર્યાવરણ સંરક્ષણ જેવા પડકારોના ઉકેલમાં સૂક્ષ્મજીવો નવી તકો ઊભી કરી શકે છે.

વિદ્યાર્થીઓ માટે International Microorganism Day જ્ઞાન અને જિજ્ઞાસાનો ઉત્સવ છે. માઇક્રોસ્કોપમાં એક નાનું જીવંત કોષ જોવાથી શરૂ થતી જિજ્ઞાસા સંશોધન અને નવીનતાની લાંબી સફર બની શકે છે. ગૂજરાત વિદ્યાપીઠ જેવી મૂલ્યઆધારિત અને સમાજલક્ષી શિક્ષણ પરંપરા ધરાવતી સંસ્થામાં માઇક્રોબાયોલોજીનું શિક્ષણ માત્ર વિષયજ્ઞાન પૂરતું ન રહે, પરંતુ વિજ્ઞાનને સમાજ અને પર્યાવરણની સેવા સાથે જોડવાનું સાધન બને—એ ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

## ઉપસંહાર

સૂક્ષ્મજીવો કદમાં નાના છે, પરંતુ તેમની શક્તિ અને અસર વિશાળ છે. તેઓ કુદરતમાં વિઘટનકારક, પોષકચક્રના સંચાલક, માનવ શરીરના સહજીવી, રોગકારક, ઔદ્યોગિક ઉત્પાદક અને પર્યાવરણના સંરક્ષક—વિવિધ ભૂમિકાઓ ભજવે છે. તેથી સૂક્ષ્મજીવોને સમજવું એટલે જીવનના મૂળભૂત તંત્રને સમજવું.

International Microorganism Day આપણને સંદેશ આપે છે કે અદૃશ્યને અવગણવું નહીં; તેને સમજવું જોઈએ. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, જવાબદાર સંશોધન અને ટકાઉ ટેકનોલોજી દ્વારા આપણે સૂક્ષ્મજીવોની શક્તિને માનવ કલ્યાણ અને પૃથ્વીના સંરક્ષણ માટે ઉપયોગમાં લઈ શકીએ. ખરેખર, 'અદૃશ્ય વિશ્વને સમજવું એટલે દેખાતા વિશ્વના ભવિષ્યને વધુ સારી રીતે સમજવું.'

***'માઈક્રોબાયોલોજીના અદૃશ્ય વિશ્વને સલામ'***

# युवाओ को राष्ट्र निर्माण और सामाजिक सहभागिता के लिए एक स्वर्णिम अवसर

- डॉ. नीरज सिलावट

राष्ट्रीय सेवा योजना उच्च शिक्षा और उच्चतर माध्यमिक शिक्षा मे युवाओं को सामाजिक एवं राष्ट्र की सेवा से जोड़ने वाला भारत सरकार का एक महत्वपूर्ण कार्यक्रम है। जिसका अनुदान भारत सरकार और गुजरात सरकार द्वारा प्राप्त होता है | राष्ट्रीय सेवा योजना का मूल तत्व और विचार यह है कि शिक्षा सिर्फ कक्षा और पुस्तकीय ज्ञान तक मर्यादित न रहकर विद्यार्थियों को समाज मे व्याप्त समस्याओ की वास्तविक परिस्थितियों से परिचित कराए। विद्यार्थीयो में सामाजिक जिम्मेदारी, आदर्श नागरिक निर्माण, नेतृत्व, सहकार, अनुशासन और राष्ट्र निर्माण की भावना को विकसित करना इस योजना का मुख्य उद्देश्य है। गूजरात विद्यापीठ के लिए बहुत ही गौरव का विषय है| की जिस महापुरुष गांधी ने गूजरात विद्यापीठ की स्थापना की उन्ही पूज्य महात्मा गांधी के जन्म शताब्दी के वर्ष 1969 मे इस योजना को भारत सरकार ने शिक्षा प्राप्त कर रहे भारतीय युवाओ को समर्पित किया|

24 सितंबर 1969 को उस समय के केंद्रीय शिक्षा मंत्री डॉ. वी. के. आर. वी. राव ने देश की 37 यूनिवर्सिटियों मे 40,000 (चालीस हजार) स्वयं सेवकों के साथ राष्ट्र निर्माण और सामाजिक सेवा का अवसर प्रदान करें वाली इस योजना को प्रारंभ किया। क्योंकि इस योजना का शुभारंभ पूज्य महात्मा गांधी जी की जन्म शताब्दी वर्ष के दौरान हुआ था, इसलिए राष्ट्रीय सेवा योजना कार्यक्रम की विचारधारा में गांधीवादी सेवा, सामाजिक उत्थान और राष्ट्रीय एकता का विशेष महत्व दिखाई देता है।

धीरे धीरे राष्ट्रीय सेवा योजना का विस्तार और फैलाव हुआ और यह देश के विभिन्न राज्यों तथा यूनिवर्सिटीओ तक पहुंची। स्कूलो मे +2 स्तर पर भी इसे विभिन्न राज्यों में प्रारंभ किया गया। विद्यार्थियों मे इस योजना के प्रति बढ़ती लोक प्रियता तथा उनकी की बढ़ती भागीदारी ने इसे एक विशाल और सर्वव्यापक युवा एवं समुदाय-सेवा के साथ साथ सामुदायिक सहभागिता कार्यक्रम के रूप मे मान्यता दी। जो हमे बड़े विशाल दृष्टिकोण के रूप मे राष्ट्रीय शिक्षण नीति -2020 मे दिखाई देती है| राष्ट्रीय सेवा योजना का बड़ा लक्ष्य उच्च शिक्षा तथा स्कूली शिक्षा को एक अतिरिक्त सामाजिक आयाम प्रदान करना है, ताकि विद्यार्थी अपने अध्ययन के साथ समुदाय की समस्याओं और आवश्यकताओं को समझ सकें। विशेष रूप से ग्रामीण क्षेत्रों और शहरी बस्तियों में रहने वाले लोगों के जीवन से विद्यार्थियों का प्रत्यक्ष संपर्क स्थापित करना इस योजना का बहुत ही महत्वपूर्ण उद्देश्य है। वर्तमान मे लगभग देश मे 29,763 (उन्तीस हजार सात सौ तरेसठ) संस्थानों मे लगभग 40,00000 (चालीस लाख) स्वयं सेवकों के साथ राष्ट्रीय सेवा योजना श्रेष्ठ संगठन के रूप मे युवाओ को सामाजिक-सेवा के साथ साथ सामुदायिक सहभागिता का अवसर प्रदान करते हुए “विकसित भारत 2047 - मेरे सपनों के भारत” का निर्माण करने के कार्य मे अविरत चल रही है|

राष्ट्रीय सेवा योजना का ध्येय वाक्य है: “मैं ही नहीं, आप भी।” | और विशेष कर देश के यशस्वी प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी ने इसे एक नए स्वरूप मे नए ध्येय वाक्य के रूप मे “स्वयं से पहले आप” के विचार के साथ युवाओ को समर्पित किया | इसका अर्थ है कि व्यक्ति का कल्याण समाज के कल्याण से जुड़ा हुआ है। यह निःस्वार्थ सेवा, सहयोग, लोकतांत्रिक जीवन-पद्धति और दूसरों के प्रति संवेदनशीलता की भावना को व्यक्त करता है।

राष्ट्रीय सेवा योजना की शुरुआत 24 सितंबर 1969 को हुई थी। इसलिए प्रत्येक वर्ष गुजरात राज्य और भारत मे 24 सितंबर को राष्ट्रीय सेवा योजना दिवस को बड़े पैमाने पर मनाया जाता है। गुजरात राज्य के राष्ट्रीय सेवा योजना के मुख्य कार्यक्रमों को देखा जाए तो दो मुख्य कार्यक्रम एक राष्ट्रीय सेवा योजना दिवस को बड़े धूमधाम के साथ मनाना और दूसरा राज्य स्तर की पूर्व गणतंत्र दिवस की परेड के लिए स्वयं सेवको का चयन कार्यक्रम को मान्यता है, यहाँ बड़े गौरव के साथ कहा जा सकता है की वर्ष 2012 से निरंतर गूजरात विद्यापीठ, अहमदाबाद राज्य स्तर की पूर्व गणतंत्र दिवस की परेड के लिए स्वयं सेवको का चयन कार्यक्रम का आयोजन करती आ रही है|

## नियमित गतिविधिया के कार्यक्रम और शिविर कार्यक्रम

एक स्वयं सेवक को एक वर्ष मे नियमित गतिविधियों के लिए 120 घंटे की सेवा का प्रावधान बताया गया है। इनमें स्वयंसेवक अभिमुखीकरण, परिसर गतिविधियाँ और समुदाय सेवा शामिल हैं। एक स्वयं सेवक का कार्यकाल दो वर्षों का होता है इसलिए एक स्वयं सेवक को अपने राष्ट्रीय सेवा योजना के सम्पूर्ण कार्यकाल के दौरान कुल 240 घंटे नियमित गतिविधियां और एक विशेष शिविर मे भाग लेना होता है| स्वयं सेवक के अभिमुखीकरण के लिए 20 घंटे रखे जाते हैं। विशेष शिविर लंबी छुट्टियों के दौरान गोद लिए गए गाँवों या शहरी गंदी बस्तियों में आयोजित किए जाते हैं। 07 दिन की अवधि के विशेष शिविरों का राष्ट्रीय सेवा योजना मे उल्लेख है। इनमें स्थानीय समुदाय की सक्रिय सहभागिता पर बल दिया जाता है और स्वयंसेवकों की भागीदारी सुनिश्चित करने का प्रावधान है। भारत सरकार और माननीय प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी के नए भारत के निर्माण तथा विकसित भारत 2047 - मेरे सपनों का भारत का निर्माण के मंत्र को ध्यान मे रखते हुए आज सम्पूर्ण देश मे विशेष शिविरों का आयोजन किया जा रहा है|

### राष्ट्रीय सेवा योजना के माध्यम से सामुदायिक सहभागिता की अन्य गतिविधियां

राष्ट्रीय सेवा योजना के अंतर्गत भारत सरकार और गुजरात सरकार की विविध योजनाओ जैसे स्वच्छ भारत मिशन, आयुष्मान भारत, सुकन्या समृद्धि योजना - बेटी बचाओ बेटी पढ़ाओ, आत्मनिर्भर भारत अभियान, डिजिटल इंडिया मिशन, सर्व शिक्षा अभियान, प्रधानमंत्री उज्ज्वला योजना, प्रधानमंत्री की आपातकालीन स्थिति में नागरिक सहायता और राहत योजना ( पीएम केयर्स), सौर चरखा मिशन, सभी के लिए आवास योजना, दीन दयाल उपाध्याय ग्रामीण कौशल्य योजना (डीडीयू-जीकेवाई) प्रधानमंत्री स्वास्थ्य सुरक्षा योजना, स्वदेश दर्शन योजना, राष्ट्रीय जल मिशन, राष्ट्रीय पोषण मिशन, ऑपरेशन ग्रीन्स योजना, पीएम-किसान (प्रधानमंत्री किसान सम्मान निधि) योजना, पीएम गरीब कल्याण योजना (पीएमजीकेवाई), प्रधानमंत्री श्रम योगी मान-धन, जन धन योजना, स्किल इंडिया मिशन, संसद आदर्श ग्राम योजना, पीएम मुद्रा योजना, अटल पेंशन योजना, प्रधानमंत्री जीवन ज्योति बीमा योजना, प्रधानमंत्री सुरक्षा बीमा योजना स्टार्ट-अप इंडिया, सांसद आदर्श ग्राम योजना (SAGY) को जरूरतमंद लोगों तक पहुँचाने तथा प्रचार प्रसार का मुख्य कार्य भी राष्ट्रीय सेवा योजना के माध्यम से किया जा रहा है |

### प्राकृतिक आपदाओ में गूजरात विद्यापीठ- अहमदाबाद की भूमिका

राष्ट्रीय सेवा योजना के स्वयं सेवकों से अपेक्षा की जाती है कि वे बाढ़, चक्रवात, अकाल, भूकंप और अन्य प्राकृतिक आपदाओं के समय राहत एवं पुनर्वास कार्यों में सहायता करें। समय समय पर गूजरात विद्यापीठ ने विविध प्राकृतिक आपदाओ जैसे 2001 का गुजरात भूकंप, 2005 का कश्मीर भूकंप, 2006 मे सूरत बाढ़, 2008 की बिहार कोसी नदी बाढ़, 2015 मे बाबापुर-अमरेली की बाढ़, 2017 की बनासकांठा मे बाढ़ तथा कोविड महामारी मे उल्लेखनीय और महत्वपूर्ण राहत कार्यों का आयोजन किया है | जिसका उल्लेख भारत सरकार और गुजरात सरकार द्वारा राष्ट्रीय सेवा योजना अंतर्गत प्रकाशित होने वाली वार्षिक रिपोर्टों मे दिखाई देता है| माननीय प्रधान मंत्री श्री नरेंद्र मोदी जी की "वसुधैव कुटुम्बकम्" के विचार को चरितार्थ करते हुए गूजरात विद्यापीठ, अहमदाबाद ने वर्ष 2015 मे आए नेपाल के भूकंप मे भूकंप राहत कार्य के लिए 100 स्वयं सेवकों की एक टीम नेपाल के ललितपुर जिले के लूभू भूकंपग्रस्त क्षेत्र मे एक महीने के लिए भेजी थी| जिसने महत्वपूर्ण एवं स्मरणीय भूकंप राहत कार्य सम्पन्न किए |

### गोद लिए गए गाँव और सर्वेक्षण

एन.एस.एस. में किसी गाँव या क्षेत्र को गोद लेना महत्वपूर्ण रणनीति है। राष्ट्रीय सेवा योजना में अनेक स्थानों पर सीमित और अधूरे कार्यों की अपेक्षा किसी एक क्षेत्र पर निरंतर ध्यान देने को अधिक प्रभावी माना गया है।

### कार्यक्रम अधिकारी की भूमिका

कार्यक्रम अधिकारी एन.एस.एस. का प्रमुख मार्गदर्शक होता है। वह शिक्षक होने के साथ-साथ विद्यार्थियों और समुदाय के बीच संपर्क स्थापित करने वाला व्यक्ति भी है। वह स्वयंसेवकों को नेतृत्व देता है, गतिविधियों की योजना बनाता है, उनका संचालन एवं पर्यवेक्षण करता है तथा विद्यार्थियों के व्यक्तित्व विकास में सहायता करता है। राष्ट्रीय सेवा योजना कार्यक्रम अधिकारी को स्वयंसेवकों का हितैषी, चिंतक और मार्गदर्शक मानता है।

### प्रशासनिक संरचना

देश में राष्ट्रीय सेवा योजना के प्रभावी संचालन के लिए क्षेत्रीय निदेशालयों की व्यवस्था भी की गई है। देश मे वर्तमान मे 15 क्षेत्रीय निदेशालय कार्य कर रहे है | राज्य स्तर पर राज्य एन.एस.एस. सेल और राज्य सलाहकार समिति महत्वपूर्ण भूमिका निभाते हैं। वर्तमान मे राज्यों और केंद्रशासित प्रदेशों को ध्यान मे रखते हुए देश मे 35 एन.एस.एस. सेल द्वारा राष्ट्रीय सेवा योजना की विविध गतिविधियों का संचालन किया जा रहा है | इसी तरह गूजरात विद्यापीठ मे भी माननीय कुलपति जी डॉ. हर्षद पटेल की अध्यक्षता मे राष्ट्रीय सेवा योजना की सलाहकार समिति सात विद्याशखाओ मे 14 प्रोग्राम ऑफिसर और 1 प्रोग्राम कॉर्डिनेटर के माध्यम से 1400 स्वयं सेवकों की विविध नियमित, समाज सेवा, सामुदायिक सहभागिता की गतिविधियों का उत्तम आयोजन और संचालन कर रही है |

### राष्ट्रीय सेवा योजना के अंतर्गत अन्य उपलब्धियों के अवसर

- राष्ट्रीय एकता शिविर मे सहभागिता
- एडवेंचर कोर्स मे सहभागिता
- एन.एस.एस. युवा महोत्सव
- पूर्व गणतंत्र दिवस परेड कंेप मे सहभागिता 5 विविध जोन मे
- गणतंत्र दिवस परेड केंप-दिल्ली मे सहभागिता
- नॉर्थ ईस्ट एन.एस.एस. युवा महोत्सव मे सहभागिता
- राज्य स्तर का श्रेष्ठ स्वयं सेवक एवॉर्ड
- राज्य स्तर का श्रेष्ठ प्रोग्राम ऑफिसर एवॉर्ड
- राज्य स्तर का श्रेष्ठ संस्थान एवॉर्ड
- राष्ट्रीय स्तर का श्रेष्ठ स्वयं सेवक एवॉर्ड
- राष्ट्रीय स्तर का श्रेष्ठ प्रोग्राम ऑफिसर एवॉर्ड
- राष्ट्रीय स्तर का श्रेष्ठ संस्थान एवॉर्ड (उच्च शिक्षा )
- राष्ट्रीय स्तर का श्रेष्ठ संस्थान एवॉर्ड (स्कूल शिक्षा )



# भगतसिंह पर वार्तालाप

**डॉ. विक्रमसिंह अमरावत एवं राकेश शर्मा**

(स्पंदन गांधी विचार के कार्यक्रम के तहत हुए विडियो वार्तालाप में गूजरात विद्यापीठ के पत्रकारत्व एवं प्रत्यायन विभाग के विद्यार्थी राकेश शर्मा ने गूजरात विद्यापीठ के इतिहास एवं संस्कृति विभाग के सहायक प्राध्यापक डॉ. विक्रमसिंह अमरावत से शहीद-ए-आजम भगतसिंह के बारे में वार्तालाप किया। यह उसी वार्तालाप का लिप्यंतरण है। सवाल राकेश शर्मा के हैं और जवाब डॉ. विक्रमसिंह अमरावत के।)

**राकेश शर्मा:** 23 मार्च 1931 भारतीय इतिहास का एक महत्वपूर्ण दिन है। इसी दिन भगत सिंह, राजगुरु और सुखदेव को फाँसी दी गई। मेरा पहला प्रश्न है कि भगत सिंह कौन थे और उनके जीवन के बारे में संक्षेप में बताइए।

**डॉ. विक्रमसिंह अमरावत:** भगत सिंह का नाम आज भी पूरे भारत में अत्यंत सम्मान के साथ लिया जाता है, किंतु विडंबना यह है कि अधिकांश लोग उन्हें सुनी-सुनाई बातों के आधार पर जानते हैं। इसलिए नई पीढ़ी के लिए उनके वास्तविक जीवन, विचारों और उद्देश्यों को समझना आवश्यक है।

भगत सिंह का जन्म पंजाब के उस भाग में हुआ था जो आज पाकिस्तान में स्थित है। वे एक समृद्ध जमींदार परिवार से थे। उनके पिता और परिवार के अन्य सदस्य राष्ट्रीय आंदोलन में सक्रिय थे। उनके पिता भारतीय राष्ट्रीय कांग्रेस से जुड़े हुए थे और 1924 के बेलगाम अधिवेशन में भी उपस्थित रहे थे, जिसकी अध्यक्षता महात्मा गांधी ने की थी। इस राष्ट्रवादी वातावरण ने बालक भगत सिंह के व्यक्तित्व को गहराई से प्रभावित किया।

उनके बचपन का पंजाब ब्रिटिश विरोधी आंदोलनों का केंद्र था। 1919 के रोलेट सत्याग्रह के दौरान जलियाँवाला बाग हत्याकांड ने उनके मन पर गहरा प्रभाव छोड़ा। लगभग 12–13 वर्ष की आयु में इस घटना ने उनके भीतर देशभक्ति और औपनिवेशिक शासन के प्रति विरोध की भावना को और प्रबल कर दिया।

प्रारंभिक दौर में वे महात्मा गांधी और असहयोग आंदोलन से प्रभावित हुए, लेकिन आंदोलन के स्थगन ने उन्हें निराश किया। उनके बाल मन में यह प्रश्न उठा कि जब अंग्रेज भारतीयों पर अत्याचार कर रहे हैं तो उसका विरोध उचित है, फिर प्रतिरोध के दौरान हिंसा को ही समस्या क्यों माना जाए। इसी वैचारिक द्वंद्व ने उन्हें क्रांतिकारी मार्ग की ओर अग्रसर किया।




भगत सिंह ने लाहौर के नेशनल कॉलेज में शिक्षा प्राप्त की, जिसकी स्थापना लाला लाजपत राय ने की थी। वहाँ इतिहासकार जयचंद विद्यालंकार जैसे शिक्षकों तथा सुखदेव, भगवती चरण वोरा जैसे साथियों के साथ विचार-विमर्श ने उनके राष्ट्रवाद और क्रांतिकारी चिंतन को दिशा दी। बाद में राजगुरु भी उनके आंदोलन से जुड़े।

उन्होंने नौजवान भारत सभा की स्थापना की और हिंदुस्तान रिपब्लिकन एसोसिएशन से जुड़े। आगे चलकर संगठन का नाम बदलकर हिंदुस्तान सोशलिस्ट रिपब्लिकन एसोसिएशन (HSRA) रखा गया। 'सोशलिस्ट' शब्द जोड़ना उनके समाजवादी विचारों और कार्ल मार्क्स से प्रभावित वैचारिक विकास का प्रतीक था।

लाला लाजपत राय की मृत्यु के प्रतिशोध में भगत सिंह और उनके साथियों ने सांडर्स की हत्या की, किंतु वे तत्काल गिरफ्तार नहीं हुए। बाद में उन्होंने केंद्रीय विधानसभा में पब्लिक सेफ्टी बिल के विरोध में यह कहते हुए बम फेंका कि "बहरों को सुनाने के लिए धमाकों की ज़रूरत होती है।" उनका उद्देश्य हत्या करना नहीं, बल्कि अपनी राजनीतिक आवाज़ पहुँचाना था। इस घटना में किसी की मृत्यु नहीं हुई और उन्हें आजीवन कारावास की सज़ा मिली।

एक महत्वपूर्ण तथ्य यह है कि भगत सिंह को असेंबली बम प्रकरण के लिए फाँसी नहीं हुई थी। फाँसी की सज़ा उन्हें बाद में सांडर्स हत्या कांड का मुकदमा पुनः खोले जाने पर सुनाई गई। 23 मार्च 1931 को भगत सिंह, राजगुरु और सुखदेव ने राष्ट्र के लिए अपने प्राण न्योछावर किए और वे भारतीय स्वतंत्रता संग्राम के अमर प्रतीक बन गए।

**राकेश शर्मा:** सर, सांप्रदायिक एकता के बारे में भगत सिंह के क्या विचार थे? क्या वे सांप्रदायिक एकता के पक्ष में थे?

**डॉ. विक्रमसिंह अमरावत:** भारत के राष्ट्रीय आंदोलन के समय अधिकांश राष्ट्रवादी नेतृत्व सांप्रदायिकता के विरोध में था, लेकिन भगत सिंह इस विषय पर विशेष

रूप से स्पष्ट विचार रखते थे। उनका मानना था कि धर्म की राजनीति और धार्मिक कट्टरता देश को कमजोर करती है। 1928 में नौजवान भारत सभा के घोषणापत्र में उन्होंने हिंदू समाज की कट्टरता और मुस्लिम समाज की धर्मांधता, दोनों को देश के लिए नुकसानदायक बताया। उनके लिए धर्म से अधिक महत्वपूर्ण आम आदमी का जीवन था—वह सुखपूर्वक और स्वतंत्र रूप से जीवन जी सके तथा बिना शोषण के अपना भरण-पोषण कर सके। इसलिए भगत सिंह ने सांप्रदायिक राजनीति को स्पष्ट रूप से अस्वीकार किया।

वे लाला लाजपत राय के कुछ सांप्रदायिक विचारों से भी सहमत नहीं थे और उन्होंने अपने लेखों में इसकी आलोचना की थी। इसके बावजूद लाला लाजपत राय उनके लिए एक महत्वपूर्ण राष्ट्रीय नेता थे। भगत सिंह का दृष्टिकोण था कि किसी नेता के विचारों से असहमति हो सकती है, लेकिन उसके राष्ट्रीय योगदान और नेतृत्व को नकारा नहीं जा सकता। यही कारण है कि लाला लाजपत राय की मृत्यु के बाद भगत सिंह ने उनके सम्मान और प्रतिशोध की भावना से सांडर्स की हत्या की। इस प्रकार सांप्रदायिकता के प्रश्न पर भगत सिंह का रुख स्पष्ट रूप से विरोध का था।

**राकेश शर्मा:** सर, आज सबसे अधिक चर्चा इस बात की होती है कि जब भगत सिंह को फाँसी दी गई तो गांधी जी उन्हें बचा क्यों नहीं पाए? क्या गांधी जी ने उन्हें बचाने का प्रयास नहीं किया?

**डॉ. विक्रमसिंह अमरावत:** यह एक महत्वपूर्ण और जटिल प्रश्न है। आम लोगों और विशेष रूप से युवाओं में यह धारणा दिखाई देती है कि गांधी जी ने भगत सिंह को बचाने के लिए कोई प्रयास नहीं किया। लेकिन यह कहना तथ्यात्मक रूप से उचित नहीं है। उपलब्ध सामग्री से स्पष्ट होता है कि गांधी जी ने भगत सिंह, सुखदेव और राजगुरु की फाँसी रोकने के लिए प्रयास किए थे।

जब गांधी-इरविन समझौते के संदर्भ में गांधी जी और लॉर्ड इरविन के बीच बातचीत हुई, तब गांधी जी ने भगत सिंह और उनके साथियों की फाँसी का प्रश्न भी उठाया था। इरविन के अपने विवरण में इस बातचीत का उल्लेख मिलता है। गांधी जी ने इसे कांग्रेस की औपचारिक बातचीत से अलग अपना व्यक्तिगत मामला बताते हुए फाँसी रोकने की अपील की थी। उन्होंने पत्र भी लिखे और इस मामले में हस्तक्षेप किया। वे स्वयं लाहौर जाने वाले थे, लेकिन उससे पहले उन्हें गिरफ्तार कर लिया गया।

हालाँकि, यह भी समझना आवश्यक है कि गांधी जी के प्रयास करने का अर्थ यह नहीं था कि भगत सिंह की फाँसी निश्चित रूप से रुक सकती थी। उस समय ब्रिटिश सरकार पर कई राजनीतिक और प्रशासनिक दबाव थे। भगत सिंह, सुखदेव और राजगुरु पर पंजाब पुलिस के अधिकारी सांडर्स की हत्या का आरोप था। यदि पुलिस अधिकारी की हत्या के आरोपियों को दंड से मुक्त कर दिया जाता, तो ब्रिटिश प्रशासन की दृष्टि में पुलिस और कानून-व्यवस्था पर गंभीर प्रभाव पड़ सकता था। इरविन स्वयं भी इस मामले में राजनीतिक और प्रशासनिक दबावों से घिरे हुए थे।

उस समय पंजाब की राजनीतिक स्थिति अत्यंत संवेदनशील थी। इसलिए इसे केवल गांधी जी के व्यक्तिगत प्रयास या उनकी इच्छा के आधार पर समझना उचित नहीं है। गांधी जी ने प्रयास किया, लेकिन वे सफल नहीं हुए। इस पूरे प्रसंग को सरल 'काले और सफेद' के रूप में देखने के बजाय तत्कालीन राजनीतिक परिस्थितियों और ब्रिटिश प्रशासन की सीमाओं के संदर्भ में समझना आवश्यक है।

**राकेश शर्मा:** सर, आज के युवा भगत सिंह के बारे में प्रामाणिक जानकारी कैसे प्राप्त कर सकते हैं? इंटरनेट और फिल्मों में उनकी अलग-अलग छवियाँ दिखाई देती हैं। इतिहासकार के रूप में आप क्या सुझाव देंगे?

**डॉ. विक्रमसिंह अमरावत:** भगत सिंह को समझने के लिए सबसे पहले उनकी मूल रचनाओं और दस्तावेजों का अध्ययन करना चाहिए। उनकी जेल डायरी, लेख और पत्र महत्वपूर्ण प्राथमिक स्रोत हैं। उनके साथियों द्वारा लिखे दस्तावेज तथा चमन लाल द्वारा संपादित सामग्री भी उपयोगी है। भगत सिंह की प्रारंभिक जीवनी उनके साथी जतिन्द्रनाथ सान्याल ने 1931 में लिखी थी, जिसे बाद में प्रकाशित किया गया। उनके पिता, मित्रों और भाइयों को लिखे पत्र भी उनके विचारों और व्यक्तित्व को समझने के महत्वपूर्ण स्रोत हैं।

इसके अतिरिक्त चंद्रपाल सिंह, इरफान हबीब और कुलदीप नायर की पुस्तकों से भी सहायता ली जा सकती है। इंटरनेट की सामग्री को पूरी तरह नकारने की आवश्यकता नहीं है, लेकिन उसकी जानकारी की प्राथमिक और प्रमाणिक स्रोतों से जाँच अवश्य करनी चाहिए।

भगत सिंह और गांधी जी के संबंधों को भी केवल विरोध के रूप में नहीं देखना चाहिए। भगत सिंह ने गुजरात विद्यापीठ की प्रशंसा की थी और बारडोली सत्याग्रह में विद्यार्थियों की भागीदारी का उल्लेख किया था। इससे उनके बीच विचारों के मतभेदों के साथ कुछ साझा राष्ट्रीय सरोकारों को भी समझा जा सकता है।

**राकेश शर्मा:** बहुत-बहुत धन्यवाद सर।



# સપ્ટેમ્બર માસની મહત્ત્વની ઘટનાઓ

– ડૉ. નીતિન ઢાઢોદરા

## અમદાવાદમાં વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ યોજાઈ

**5 થી 9 સપ્ટેમ્બર**

અમદાવાદમાં World Archery Para Seriesનું આયોજન કરવામાં આવ્યું. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં 19 દેશોના આશરે 108 પેરા-એથ્લેટ્સએ ભાગ લીધો અને તીરંદાજીની વિવિધ કેટેગરીમાં પોતાની પ્રતિભા અને રમતકૌશલ્યનું પ્રદર્શન કર્યું. ગુજરાતમાં યોજાયેલી આ આંતરરાષ્ટ્રીય પેરા-સ્પોર્ટ્સ સ્પર્ધા દ્વારા દિવ્યાંગ ખેલાડીઓને વૈશ્વિક સ્તરે પોતાની ક્ષમતા દર્શાવવાની તક મળી. આ આયોજનથી ગુજરાતમાં પેરા-સ્પોર્ટ્સ અને સમાવેશી રમતગમતને પ્રોત્સાહન મળ્યું.



## સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું 81મું સત્ર યોજાયું

**8 સપ્ટેમ્બર**

ન્યૂયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં UN General Assemblyનું 81મું સત્ર યોજાયું. સત્રનું ઉદ્ઘાટન 8 સપ્ટેમ્બરે થયું અને 22 સપ્ટેમ્બરથી સામાન્ય ચર્ચા શરૂ થઈ. આ સત્રની થીમ “Restoring Trust, Managing Transformation: A United Nations That Delivers for All” છે. સત્ર દરમિયાન વિશ્વના નેતાઓએ યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય શાંતિ, બહુપક્ષીય વ્યવસ્થાને મજબૂત બનાવવી, કૃત્રિમ બુદ્ધિ (AI)નું વૈશ્વિક શાસન, આબોહવા પરિવર્તન, માનવ અધિકારો અને ટકાઉ વિકાસ જેવા મહત્ત્વના વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ખાસ કરીને AI અંગે વૈશ્વિક સ્તરે જવાબદાર અને ન્યાયસંગત નિયમન તથા નવીનતાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકાયો.



## DILRMP 3.0નો પ્રારંભ

**10 સપ્ટેમ્બર**

કેન્દ્ર સરકારે Digital India Land Records Modernization Programme (DILRMP) 3.0ની કામગીરી માર્ગદર્શિકાઓ શરૂ કરી. 2026થી 2031ના તબક્કા માટે ₹565.50 કરોડના ખર્ચ સાથે શરૂ થયેલા આ કાર્યક્રમનો હેતુ જમીનના રેકોર્ડને વધુ ડિજિટલ, પારદર્શક, ચોક્કસ અને નાગરિકલક્ષી બનાવવાનો છે. તેમાં GIS આધારિત ‘Land Stack’, દરેક જમીનખંડ માટે 14 અંકનો Bhu-Aadhaar (ULPIN), જમીનના નકશાનું જિયોરેફરન્સિંગ અને કાગળમુક્ત મિલકત નોંધણી જેવી વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

## નવી દિલ્હીમાં 18મું BRICS શિખર સંમેલન યોજાયું

**12-13 સપ્ટેમ્બર**

નવી દિલ્હીમાં 12–13 સપ્ટેમ્બર, 2026ના રોજ 18મું BRICS શિખર સંમેલન યોજાયું. “Building for Resilience, Innovation, Cooperation and Sustainability” થીમ હેઠળ યોજાયેલા આ સંમેલનમાં સભ્ય દેશોના નેતાઓએ વૈશ્વિક સહકાર, આર્થિક વિકાસ, નવીનતા, સ્થિરતા અને ટકાઉ વિકાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી. સંમેલનના અંતે New Delhi Declaration સ્વીકારવામાં આવ્યું, જેમાં વિવિધ ક્ષેત્રોમાં BRICS દેશો વચ્ચે સહકારને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.



13 સપ્ટેમ્બર

## ધિરજ બોમ્માદેવરાને તીરંદાજી વર્લ્ડ કપમાં સુવર્ણચંદ્રક

મેક્સિકોના સાલ્ટિલોમાં ભારતીય તીરંદાજ ધિરજ બોમ્માદેવરાએ તીરંદાજી વર્લ્ડ કપ ફાઇનલમાં પુરુષ રિકર્વ વ્યક્તિગત સ્પર્ધાનો સુવર્ણચંદ્રક જીત્યો. તેમણે ફાઇનલમાં જાપાનના જુન્યા નાકાનિશીને શૂટ-ઓફમાં હરાવીને વર્લ્ડ કપ ફાઇનલમાં સુવર્ણ જીતનાર પ્રથમ ભારતીય પુરુષ રિકર્વ તીરંદાજ બનવાની ઐતિહાસિક સિદ્ધિ મેળવી.



19 સપ્ટેમ્બર

## જાપાનમાં 20મી એશિયન ગેમ્સનો પ્રારંભ

જાપાનના Aichi-Nagoya ખાતે 20મી એશિયન ગેમ્સનો ભવ્ય પ્રારંભ થયો. આ એશિયાના સૌથી મોટા બહુ-રમતોત્સવોમાંનો એક છે, જેમાં ભારતના 501 ખેલાડીઓ સહિત 45 દેશો અને પ્રદેશોના ખેલાડીઓ વિવિધ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. આ ગેમ્સમાં 43 રમતોની વિવિધ સ્પર્ધાઓમાં કુલ 369 સુવર્ણ ચંદ્રકો માટે ખેલાડીઓ વચ્ચે હરીફાઈ યોજાશે. આ રમતોત્સવ માત્ર ચંદ્રકોની સ્પર્ધા પૂરતો મર્યાદિત નથી, પરંતુ એશિયાના વિવિધ દેશો વચ્ચે રમતગમતની ભાવના, પરસ્પર મિત્રતા, સહકાર અને સાંસ્કૃતિક જોડાણને પ્રોત્સાહન આપવાનો છે. આ વખતે Esports ઉપરાંત Teqball અને Virtual Taekwondo જેવી રમતોને પણ સ્થાન મળ્યું.



22 સપ્ટેમ્બર

## એકતાનગરમાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન

ગુજરાતના એકતાનગર (કેવડિયા) ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિજેતાઓને પુરસ્કારો એનાયત કર્યા. આ સમારોહમાં ગુજરાતી ફિલ્મ 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. ફિલ્મનું દિગ્દર્શન અભિષેક જૈને કર્યું છે.




## 30 સપ્ટેમ્બર : એશિયન ગેમ્સમાં ભારતે 85 મેડલ સાથે ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું

25 સપ્ટેમ્બર, 2026ના દિવસના અંત સુધીમાં ભારતે 20મી એશિયન ગેમ્સમાં કુલ 85 મેડલ જીતીને નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. તેમાં 21 સુવર્ણ, 27 રજત અને 37 કાંસ્ય મેડલનો સમાવેશ થાય છે. ભારતના ખેલાડીઓએ શૂટિંગ, ઍથ્લેટિક્સ, વેઇટલિફ્ટિંગ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, રોઇંગ અને અન્ય રમતોમાં મેડલ મેળવી દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે. ખાસ કરીને શૂટિંગમાં ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન મેડલ મેળવવામાં મહત્ત્વપૂર્ણ રહ્યું છે. કુલ 85 મેડલ સાથે ભારતે એશિયન ગેમ્સમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું.

# ગૂજરાત વિદ્યાપીઠ : વર્ષ 2026-27

## ઓળખીએ આપણા વિદ્યાર્થી પ્રતિનિધિઓને

### શિક્ષણ વિદ્યાશાખા

**GS :** નવીનકુમાર રાઠવા (B.Ed., સત્ર-1)

**Deputy GS :** જીગીષાબેન ગામિત (B.Ed., સત્ર-1)

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ | ફાળવેલું ખાતુ |
|---|---|---|---|---|---|
| 1 | પૂજાબેન ઓડ | B.Ed. | 1 | શિક્ષણ | પ્રાર્થના |
| 2 | વૈશાલીબેન ડામોર | B.Ed. | 1 | શિક્ષણ | પ્રાર્થના |
| 3 | દીલસાદ સંઘરિયાત | B.Ed. | 1 | શિક્ષણ | સાંસ્કૃતિક |
| 4 | હીતાક્ષી હરિયાણી | B.Ed. | 1 | શિક્ષણ | પ્રવાસ |
| 5 | જયદીપભાઈ રાજપૂત | B.Ed. | 1 | શિક્ષણ | પ્રવાસ |
| 6 | શિવરાજકુમાર વસૈયા | B.Ed. | 1 | શિક્ષણ | રમત-ગમત |
| 7 | રોશનીકુમારી ચૌધરી | B.Ed. | 1 | શિક્ષણ | રમત-ગમત |
| 8 | અદિતભાઈ ચૌધરી | B.Ed. | 1 | શિક્ષણ | સ્વાસ્થ્ય |
| 9 | વિપુલકુમાર ચૌધરી | B.Ed. | 1 | શિક્ષણ | સ્વાસ્થ્ય |
| 10 | જીગીષાબેન ગામિત | B.Ed. | 1 | શિક્ષણ | સાહિત્ય |
| 11 | પોરસ્મિતા ગોગોઈ | B.Ed. | 1 | શિક્ષણ | અહેવાલ |
| 12 | નવીનકુમાર રાઠવા | B.Ed. | 1 | શિક્ષણ | તસવીર |
| 13 | નવીનભાઈ પારંગી | M.Ed. | 1 | શિક્ષણ | સાંસ્કૃતિક |
| 14 | કાજલબેન પટેલ | M.Ed. | 1 | શિક્ષણ | રમત-ગમત |
| 15 | ઝંખનાકુમારી ગામિત | M.Ed. | 1 | શિક્ષણ | સાહિત્ય |
| 16 | કીરણસિંહ ખાંટ | B.Ed. | 3 | શિક્ષણ | |
| 17 | ખુશી સાવડિયા | B.Ed. | 3 | શિક્ષણ | |
| 18 | લીનુ પંચાલ | B.Ed. | 3 | શિક્ષણ | |
| 19 | સારિકા વસાવા | B.Ed. | 3 | શિક્ષણ | |
| 20 | શમીમ ખોખર | B.Ed. | 3 | શિક્ષણ | |
| 21 | તન્વીબેન બારોટ | B.Ed. | 3 | શિક્ષણ | |
| 22 | ભાષા દેવી | B.Ed. | 3 | શિક્ષણ | |
| 23 | રાજશ્રી દત્તા | B.Ed. | 3 | શિક્ષણ | |
| 24 | સુષ્મા દેવી | B.Ed. | 3 | શિક્ષણ | |
| 25 | આર્યન ચૌહાણ | M.Ed. | 3 | શિક્ષણ | |
| 26 | નરેન્દ્રભાઈ પારગી | M.Ed. | 3 | શિક્ષણ | |
| 27 | સવીતા પારગી | M .Ed. | 3 | શિક્ષણ | |
| 28 | મીરાંબેન ખીન્ટ | M.Y.A.Sc. | 1 | યોગ | |
| 29 | સુલેખા મહતો | M.Y.A.Sc. | 3 | યોગ | |

### ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા

**GS :** મયંક પટેલ (M.A., ગુજરાતી, સત્ર-4)

**Deputy GS :** ગીતા કલારા (M.A., હિન્દી, સત્ર-4)

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ |
|---|---|---|---|---|
| 1 | શ્રીપાલી સોલંકી | B.A. | 3 | ગુજરાતી |
| 2 | અશ્વિન ચૌધરી | B.A. | 5 | ગુજરાતી |
| 3 | સંધ્યા ગામિત | M.A. | 1 | ગુજરાતી |
| 4 | મયંક પટેલ | M.A. | 3 | ગુજરાતી |
| 5 | અંજલી ભોયા | B.A. | 3 | અંગ્રેજી |
| 6 | હાર્દિક સંગાડા | B.A. | 5 | અંગ્રેજી |
| 7 | યુવરાજ બાગુલ | M.A. | 1 | અંગ્રેજી |
| 8 | રેનીશા વાઘેલા | M.A. | 3 | અંગ્રેજી |
| 9 | નિકીતા ગામિત | M.A. | 1 | હિન્દી |
| 10 | ગીતા કલારા | M.A. | 3 | હિન્દી |

### માહિતી પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા

**GS :** પ્રિયાંશી સોંડાગર (M.C.A., સત્ર-3)

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ |
|---|---|---|---|---|
| 1 | રોહન પંચાલ | M.Sc. IT | 3 | કમ્પ્યૂટર વિજ્ઞાન |
| 2 | ધૃવી વાસર | M.Sc. IT | 3 | |
| 3 | જિજ્ઞેશ ચંદ્રાવાડિયા | M.Sc. IT | 1 | |
| 4 | પ્રિયાંશી સોંડાગર | M.C.A. | 3 | |
| 5 | રવિ નરોલા | M.C.A. | 3 | |
| 6 | બંસી મોજીદ્રા | M.C.A. | 1 | |
| 7 | મયુરકુમાર પ્રજાપતિ | M.C.A. | 1 | |
| 8 | અવની ભદ્રાકિયા | B.C.A. | 5 | |
| 9 | જયદીપ ઠાકોર | B.C.A. | 5 | |
| 10 | દેવલ રાઠોડ | B.C.A. | 3 | |
| 11 | પીયૂષ રાઠવા | B.C.A. | 3 | |
| 12 | નૈનાક્ષા વ્યાસ | B.C.A. | 1 | |
| 13 | મીહિર વ્યાસ | B.C.A. | 1 | |
| 14 | દિવ્યેશ ચૌહાણ | P.G.D.C.A. | 1 | |
| 15 | દૃષ્ટિ કામળિયા | M.J.M.C. | 3 | પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન |
| 16 | નિહાર દેસાઈ | M.J.M.C. | 3 | |
| 17 | નિશા દવે | M.L.I.Sc. | 3 | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન |
| 18 | આયુષી પટેલ | M.L.I.Sc. | 1 | |

## વિજ્ઞાન વિદ્યાશાખા

**GS : આસ્થા સિંઘ (M.Sc., માઈક્રોબાયોલોજી), સત્ર-3)**

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ |
|---|---|---|---|---|
| 1 | ધ્રુવ ગોહિલ | B.Sc. | 1 | માઈક્રો-બાયો-લોજી |
| 2 | રીયાંશી વ્યાસ | B.Sc. | 1 | |
| 3 | ભાવિન લુહાર | B.Sc. | 3 | |
| 4 | શ્રી પરાસર | B.Sc. | 3 | |
| 5 | કીશન પરમાર | B.Sc. | 5 | |
| 6 | પલક ચૌધરી | B.Sc. | 5 | |
| 7 | નૈતિક તળપદા | M.Sc. | 1 | |
| 8 | દિવ્યા પટેલ | M.Sc. | 1 | |
| 9 | યાજ્ઞિક ધોડાદરા | M.Sc. | 1 | |
| 10 | પરીશા શાહ | M.Sc. | 1 | |
| 11 | રોશન શર્મા | M.Sc. | 3 | |
| 12 | હેમાંગી શર્મા | M.Sc. | 3 | |

## વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા

**GS : ઉર્વીશ ભાખર (H.R.M., સત્ર3)**

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ |
|---|---|---|---|---|
| 1 | દેવ્યાંશી ચૌહાણ | M.B.A. | 1 | વ્યવસ્થાપન |
| 2 | દર્પણ સોલંકી | M.B.A. | 3 | |
| 3 | પિન્ટુ મહાલા | H.R.M. | 1 | |
| 4 | નિરવ રામ | H.R.M. | 3 | |
| 5 | આસ્થા વાઘેલા | B.Com. | 1 | વાણીજ્ય |
| 6 | દિયા વાઘમારે | B.Com. | 3 | |
| 7 | ધારા ડેર | M.Com. | 3 | |
| 8 | દિલીપ ડોડિયા | B.R.S. | 1 | ગ્રામવિદ્યા |
| 9 | દૃષ્ટિ ચૌધરી | B.R.S. | 3 | |
| 10 | જીત કોઠીવર | B.R.S. | 5 | |

## શારીરિક શિક્ષણ વિદ્યાશાખા

**GS : મિલન રાવલ (M.P.Ed. સત્ર-3)**

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ |
|---|---|---|---|---|
| 1 | મિલન રાવલ | M.P.Ed. | 3 | શારીરિક શિક્ષણ |
| 2 | આરતી ભગત | M.P.Ed. | 3 | |
| 3 | સૌરવ ભોંસલે | M.P.Ed. | 1 | |
| 4 | સુકૃતિ જાની | M.P.Ed. | 1 | |
| 5 | શિવ સોરઠિયા | B.P.Ed. | 2 | |
| 6 | પ્રિન્સીબા જાડેજા | B.P.Ed. | 2 | |
| 7 | પ્રેમનાથ સિંઘ | B.P.Ed. | 1 | |
| 8 | ગુંજન ગોસ્વામી | B.P.Ed. | 1 | |
| 9 | દર્શન મકવાણા | B.P.E.S. | 5 | |
| 10 | ભાવના રાજપુરોહિત | B.P.E.S. | 5 | |
| 11 | આર્જવ પટેલ | B.P.E.S. | 3 | |
| 12 | સ્તુતિ જાળેલા | B.P.E.S. | 3 | |
| 13 | ભાવેશ ચૌધરી | B.P.E.S. | 1 | |
| 14 | સ્તુતિ રાણપરા | B.P.E.S. | 1 | |

## સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા

**GS : આરતી સોલંકી (M.A., સમાજશાસ્ત્ર, સત્ર-3)**

**Deputy GS : હેત તળપદા (B.A., ઈતિહાસ, સત્ર-3)**

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | સત્ર | વિભાગ | ફાળવેલું ખાતુ |
|---|---|---|---|---|---|
| 1 | હર્ષિતા મકવાણા | B.A. | 5 | ઈતિહાસ | શિસ્ત |
| 2 | હાર્દિક બામણિયા | M.A. | 1 | ઈતિહાસ | શિસ્ત |
| 3 | હિનિલ ગામિત | B.A. | 1 | સમાજશાસ્ત્ર | શિસ્ત |
| 4 | દીપાલીબેન મકવાણા | B.A. | 1 | અર્થશાસ્ત્ર | શિસ્ત |
| 5 | શ્વેતલ ગામિત | B.A. | 3 | સમાજશાસ્ત્ર | સ્વચ્છતા |
| 6 | ભવનજી ઠાકોર | B.A. | 1 | ઈતિહાસ | સ્વચ્છતા |
| 7 | યશભાઈ ગામિત | B.A. | 3 | અર્થશાસ્ત્ર | સ્વચ્છતા |
| 8 | સાગરકુમાર રાઠોડ | M.A. | 3 | સમાજશાસ્ત્ર | સ્વાસ્થ્ય |
| 9 | પલ્લવી મનવાર | M.A. | 1 | અર્થશાસ્ત્ર | સ્વાસ્થ્ય |
| 10 | પ્રિયાંક પટેલ | B.A. | 5 | અર્થશાસ્ત્ર | પ્રાર્થના |
| 11 | હેત્વી કોંકણી | B.A. | 5 | સમાજશાસ્ત્ર | પ્રાર્થના |
| 12 | હેત તળપદા | B.A. | 3 | ઈતિહાસ | પ્રાર્થના |
| 13 | એમ.ડી. કાસિમ અંસારી | M.A. | 3 | ઈતિહાસ | રમતગમત |
| 14 | ઝંખના ચૌધરી | M.A. | 3 | અર્થશાસ્ત્ર | રમતગમત |
| 15 | નિલય પરમાર | M.S.W. | 3 | સમાજકાર્ય | સાંસ્કૃતિક |
| 16 | પૂજા વસાવા | B.A. | 1 | સમાજશાસ્ત્ર | સાંસ્કૃતિક |
| 17 | ભવ્ય પરાસિયા | M.S.W. | 1 | સમાજકાર્ય | કળા અને સાહિત્ય |
| 18 | હેત તળપદા | B.A. | 3 | ઈતિહાસ | કળા અને સાહિત્ય |
| 19 | આરતી સોલંકી | M.A. | 1 | સમાજશાસ્ત્ર | કળા અને સાહિત્ય |



STATE-LEVEL SEMINAR

– ડૉ. સતીશ પટેલ

# REFORMS IN PUBLIC EXAMINATIONS

## રાજ્યસ્તરીય સેમિનાર: જાહેર પરીક્ષાઓમાં સુધારા

12 સપ્ટેમ્બર 2026

સ્થળ: યુ.એચ.પી. હોલ, મોરારજી દેસાઈ આરોગ્યધામ, ગૂજરાત વિદ્યાપીઠ

આયોજક: ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

અધ્યક્ષ: ડૉ. હર્ષદ પટેલ (કુલપતિ, ગૂજરાત વિદ્યાપીઠ)

મુખ્ય અતિથિ: પ્રો. ભદ્રાયુ વચ્છરાજાની (પૂર્વ કુલપતિ, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન)

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જાહેર પરીક્ષા પદ્ધતિને માત્ર "પેપર ફૂટવા" પૂરતી સીમિત ન રાખતા, તેના સમગ્ર માળખા અને પ્રક્રિયામાં વ્યાપક સુધારા લાવવાના હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શિક્ષણવિદો, પરીક્ષા સંચાલકો, સરકારી અધિકારીઓ અને ટેકનોલોજી નિષ્ણાતોએ એકત્ર થઈને વિવિધ પાસાંઓ પર વિચાર-વિમર્શ કર્યો હતો.

આ સેમિનારમાં ચાર સમાંતર ટેકનિકલ સત્રો યોજાયા હતા.

**1. પરીક્ષા સુરક્ષા અને સંકલન (Security & Integrity):**

- o પ્રશ્નપત્રોની ગોપનીયતા, સ્ટ્રોંગ-રૂમ પ્રોટોકોલ, ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી અને ઓડિટ મિકેનિઝમ મજબૂત કરવા પર ભાર.
- o GPSC અને UPSC ની શૈલીમાં સુરક્ષિત કોડ-બેઝ્ડ માળખું અપનાવવાની ભલામણ.

**2. પરીક્ષા ડિઝાઇન, મૂલ્યાંકન અને ટેકનોલોજી (Design, Assessment & Tech):**

- o ઉમેદવારોની ઓળખ માટે ફેસ-રેકગ્નિશન (Face Recognition) અને AI નો જવાબદારીપૂર્વક ઉપયોગ.
- o સિંક્રોનાઇઝ્ડ મૂલ્યાંકન અને પરિણામોની ઝડપી જાહેરાત.

**3. પરીક્ષા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સમાવેશી પહોંચ (Infrastructure & Inclusive Access):**

- o પરીક્ષા કેન્દ્રોનું પ્રી-ઓડિટ (Pre-audit), કેન્દ્ર સ્કોરકાર્ડ અને ક્લસ્ટર-વાઇઝ ફાળવણી.
- o દિવ્યાંગ ઉમેદવારો માટે સુગમતા અને સુવિધાઓની વ્યવસ્થા.

**4. પારદર્શિતા, ભાગીદારી અને વિદ્યાર્થી કલ્યાણ (Transparency & Well-being):**

- o ફરિયાદ નિવારણ (Grievance Redressal) માટે સ્પષ્ટ તંત્ર અને ઉમેદવારોમાં પરીક્ષા અંગેનો તણાવ દૂર કરવા માટે સમર્થન.



**મુખ્ય ભલામણો (Key Recommendations)**

- **R&D સેલની સ્થાપના:** સરકારી સ્તરે પરીક્ષા પદ્ધતિમાં સતત સંશોધન અને નવીનતા માટે dedicated R&D Cell ની રચના કરવી.
- **સંકલિત પરીક્ષા માળખું:** રજિસ્ટ્રેશન, ઓળખ, સુપરવિઝન, મૂલ્યાંકન અને પરિણામ સુધી એકીકૃત સિસ્ટમ બનાવવી.
- **ટેકનોલોજી અને AI નો ઉપયોગ:** સુરક્ષિત ડેટા સેન્ટર, એન્ક્રિપ્શન અને સ્થાનિક LLM/AI ટેકનોલોજીનો નૈતિક ઉપયોગ.
- **કેન્દ્રોનું ગ્રેડિંગ:** પરીક્ષા કેન્દ્રો માટે લઘુતમ ધોરણો નક્કી કરવાં અને કર્મચારીઓ માટે SOP તાલીમ આપવી.
- **પ્રાથમિક શિક્ષણ પર સરકારી નિયંત્રણ:** 1 થી 9 ધોરણ સુધીનું શિક્ષણ સંપૂર્ણ સરકારી નિયંત્રણ હેઠળ રાખવા અંગે વિચારણા કરવી.





# કાર્ય પ્રસ્તુતિકરણ કાર્યક્રમ

## PERFORMANCE PRESENTATIONS

26 થી 29 સપ્ટેમ્બર, 2026

### શૈક્ષણિક વિભાગો, વહીવટી શાખાઓ, સુવિધાઓ અને વિસ્તરણ કેન્દ્રો

### આયોજન અને સંકલન: વિદ્યાકીય શાખા, ગૂજરાત વિદ્યાપીઠ

ગૂજરાત વિદ્યાપીઠમાં શૈક્ષણિક વિભાગો, વહીવટી શાખાઓ, સુવિધાઓ અને વિસ્તરણ કેન્દ્રોની કાર્ય પ્રસ્તુતિકરણ કાર્યક્રમનું આયોજન તા. 26 થી 29 સપ્ટેમ્બર, 2026 દરમિયાન ઑડિયો-વિઝ્યુઅલ સ્ટુડિયો ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ જુલાઈથી સપ્ટેમ્બર, 2026 દરમિયાન વિવિધ વિભાગો, કેન્દ્રો અને એકમો દ્વારા હાથ ધરવામાં આવેલી શૈક્ષણિક, વહીવટી અને વિસ્તરણલક્ષી પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ, પહેલો તથા પ્રગતિની સમીક્ષા કરવાનો હતો.



કાર્યક્રમ અંતર્ગત વિવિધ શૈક્ષણિક વિભાગો, વહીવટી શાખાઓ અને વિસ્તરણ કેન્દ્રો દ્વારા કુલ 54 પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિઓમાં સંબંધિત એકમોની મુખ્ય પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ, ચાલુ કામગીરી, મહત્ત્વપૂર્ણ પહેલો તેમજ વધુ ધ્યાન અને અનુસરણની જરૂરિયાત ધરાવતા ક્ષેત્રો રજૂ કરવામાં આવ્યા હતા.



આ કાર્યક્રમમાં માનનીય કુલપતિ ડૉ. હર્ષદ પટેલ અને કુલસચિવ ડૉ. હિમાંશુ પટેલની ઉપસ્થિતિ રહી હતી. વિવિધ એકમોની પ્રસ્તુતિઓ દ્વારા સંસ્થાની કામગીરી અંગે એકીકૃત દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો તેમજ વિવિધ વિભાગો અને શાખાઓ વચ્ચે સંકલન, સંવાદ અને સહકાર વધારવા માટે ઉપયોગી તક મળી.



કાર્યક્રમના સમાપન પ્રસંગે માનનીય કુલપતિ ડૉ. હર્ષદ પટેલે સમાપન વક્તવ્ય આપ્યું અને તમામ શૈક્ષણિક વિભાગો, વહીવટી શાખાઓ તથા વિસ્તરણ કેન્દ્રોના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે વ્યવસ્થિત આયોજન, અસરકારક સંકલન, સતત સુધારણા તથા સંસ્થાના સર્વાંગી વિકાસ માટે સામૂહિક પ્રયાસોના મહત્ત્વ પર ભાર મૂક્યો.

કાર્યક્રમ દરમિયાન ઑડિયો-વિઝ્યુઅલ ગેલેરી ખાતે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાપીઠના વરસારૂપ વિવિધ દ્રશ્ય શ્રાવ્ય સાધનો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ તથા ગૂજરાત વિદ્યાપીઠના સેવકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

સમગ્ર કાર્યક્રમના આયોજન, સમયપત્રકની તૈયારી, સંબંધિત એકમો સાથે સંકલન, સંચાર અને પ્રસ્તુતિઓના સુવ્યવસ્થિત સંચાલનમાં વિદ્યાકીય શાખાએ કેન્દ્રીય ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમ દ્વારા સંસ્થાકીય સમીક્ષા, કામગીરીનું મૂલ્યાંકન, દસ્તાવેજીકરણ, અનુસરણ તથા ભાવિ આયોજન માટે એક મંચ ઉપલબ્ધ થયો.



આમ, કાર્ય પ્રસ્તુતિકરણ કાર્યક્રમ ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ શૈક્ષણિક, વહીવટી અને વિસ્તરણલક્ષી એકમોની કામગીરીની સમીક્ષા તથા સતત સુધારણા માટે એક મહત્ત્વપૂર્ણ સંસ્થાકીય પહેલ તરીકે સફળ રહ્યો.

# પ્રવૃત્તિ-દર્પણ

- અદ્વૈતા દવે

## પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર

### રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી (03/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા દ્વારા 'રાષ્ટ્રીય પોષણ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે નિષ્ણાંત ડૉ. નૈનેશ વસાવાએ વિદ્યાર્થીઓને મિલેટ્સના પોષક મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય અને પોષણ અંગે જાગૃતિ કેળવવાના હેતુથી 'હેલ્ધી' થીમ આધારિત ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું.

### 'સુરક્ષિત, સ્વસ્થ અને સમાવેશી પરિસર' અને 'સેતુ' પરિસંવાદ (05/09/2026) (11/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત સરકારના જેન્ડર રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે વિદ્યાપીઠના સેવકો અને સ્નાતક કક્ષાના 200 વિદ્યાર્થીઓ માટે 'સુરક્ષિત, સ્વસ્થ અને સમાવેશી પરિસર' વિષય પર વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં લૈંગિક સંવેદનશીલતા, પોષણ અને કાર્યસ્થળે POSH જાગૃતિ જેવા મહત્ત્વપૂર્ણ વિષયો અંગે માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે આરોગ્ય ચકાસણીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'અભયમ 181'ની ટીમ દ્વારા પણ સુરક્ષા અને જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાપીઠમાં સમાનતા, સુરક્ષા અને સંવેદનશીલતાનું વાતાવરણ વધુ મજબૂત બને તે હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

### રાષ્ટ્રીય સેવા યોજના અભિમુખીકરણ કાર્યક્રમ (12/09/2026)

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે નવા એનએસએસ સ્વયંસેવકો માટે રાષ્ટ્રીય સેવા યોજના અભિમુખીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વયંસેવકોને એનએસએસના હેતુઓ, કાર્યપદ્ધતિ અને વિવિધ પ્રવૃત્તિઓ અંગે પરિચિત કરવામાં આવ્યા હતાં. સમાજસેવા, સામુદાયિક સહભાગિતા, સ્વચ્છતા, આરોગ્ય જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના સામાજિક વિષયો અંગે માર્ગદર્શન અને 'સ્વયંથી પહેલાં આપ'ના ભાવ સાથે સેવા અને સામાજિક જવાબદારીને એનએસએસની મૂળ ભાવના તરીકે રજૂ કરવામાં આવી હતી.



### 'એગ્રી એશિયા 2026'ની શૈક્ષણિક મુલાકાત (13/09/2026)

ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા અંતર્ગત ગ્રામવિદ્યા વિભાગના BRS સત્ર-1, સત્ર-3 અને સત્ર-5ના વિદ્યાર્થીઓ દ્વારા 'એગ્રી એશિયા 2026'ની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતી આધુનિક ટેકનોલોજી, કૃષિ આધારિત વિવિધ પ્રવૃત્તિઓ તથા ગ્રામવિકાસ સાથે સંકળાયેલી નવીનતાઓ અંગે પ્રત્યક્ષ માહિતી મેળવવાની તક મળી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક જ્ઞાનને વ્યવહારુ અનુભવ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



### 'Demographic Dividend and Sporting Excellence: Pathways to Commonwealth Games 2030' વિષયક વિશેષ વ્યાખ્યાન (19/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠના સાદરા સ્થિત શારીરિક શિક્ષણ વિભાગ ખાતે 'Demographic Dividend and Sporting Excellence: Pathways to Commonwealth Games 2030' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના આદરણીય પૂર્વ કુલપતિ ડૉ. જતિન સોનીએ 2030ના કોમનવેલ્થ ગેમ્સ અને 2036ના ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને શારીરિક શિક્ષણના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કારકિર્દી અને રમતગમત ક્ષેત્રની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## ‘ઇન્ટરવ્યૂ ટેકનિક’ વિષયક વિશેષ વ્યાખ્યાન (19/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા દ્વારા શ્રી ભાસ્કર જોશીના વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. ‘ઇન્ટરવ્યૂ ટેકનિક’ વિષયક આ વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂની તૈયારી, અસરકારક સંવાદ, બોડી લેંગ્વેજ, આત્મવિશ્વાસ તથા ઇન્ટરવ્યૂમાં સફળતા માટેની વ્યવહારુ ટેકનિક્સ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ‘સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઈતિહાસ વિષયનું મહત્ત્વ’ વિષયક સંવાદ સત્ર (22/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગના પ્રોફેસર ઑફ પ્રેક્ટિસ તથા IAS અને ગુજરાત રાજ્યના પૂર્વ ચૂંટણી કમિશનર શ્રી સંજય પ્રસાદ દ્વારા વિદ્યાર્થીઓ સાથે ‘સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઈતિહાસ વિષયનું મહત્ત્વ’ વિષય પર સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું. સંવાદ દરમિયાન સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ઈતિહાસ વિષયની ભૂમિકા, અભ્યાસની દિશા અને પરીક્ષાલક્ષી અભિગમ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ (26/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠની ફેકલ્ટી ઑફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુથી ‘વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ’નું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી ભાગ્યેશ દવે દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ વિકાસ, સંવાદકૌશલ્ય અને વિવિધ કૌશલ્યોના વિકાસ અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મેનેજમેન્ટના આશરે 60 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ

## કાવ્યક્ષેત્રે વિદ્યાર્થીનીની નોંધપાત્ર સિદ્ધિ (03/09/2026)

ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખાના કોમર્સ વિભાગના સત્ર-1ની વિદ્યાર્થીની ચૌહાણ પ્રણવીએ કાવ્યક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમની કવિતાઓ અત્યાર સુધીમાં 6 કાવ્યસંગ્રહોમાં સ્થાન પામી છે અને તાજેતરમાં તેમનો 6ઠ્ઠો કાવ્યસંગ્રહ પણ પ્રકાશિત થયો છે. વાણિજ્ય વિષયના અભ્યાસ સાથે સાહિત્ય ક્ષેત્રે પ્રણવીની સર્જનાત્મક સફર પ્રેરણાદાયી બની રહી છે. વિદ્યાપીઠ પરિવાર તરફથી તેમની સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.






## તાલીમાર્થીઓ માટે ‘માઇક્રોટીચિંગ સ્પર્ધા’નું આયોજન (08/09/2026)

ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ વિદ્યાશાખા (IASE) દ્વારા B.Ed. તાલીમાર્થીઓ માટે ‘માઇક્રોટીચિંગ સ્પર્ધા’નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પરંપરાગત શિક્ષણ કૌશલ્યોની સાથે AI આધારિત અધ્યાપન પદ્ધતિઓનો સર્જનાત્મક ઉપયોગ જોવા મળ્યો. સ્પર્ધાના અંતે વિજેતા તાલીમાર્થીઓએ કુલપતિશ્રી સાથે સંવાદ કર્યો હતો. આદરણીય કુલપતિશ્રીએ તમામ વિજેતા તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## VBYLD 2027 માટે વિશેષ નોંધણી અભિયાન અને અભિમુખીકરણ કાર્યક્રમ (09-10/09/2026)

સાદરા પરિસરના શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) એકમ દ્વારા VBYLD 2027 માટે વિશેષ નોંધણી અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન કુલ 275 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી.

અમદાવાદ ખાતે સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાના એનએસએસ સ્વયંસેવકો માટે VBYLD 2027 અંગે અભિમુખીકરણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના જિલ્લા યુવા અધિકારી ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુવાનોની સક્રિય ભાગીદારી, નેતૃત્વ ક્ષમતા અને વ્યક્તિત્વ વિકાસના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.



## માટીના ગણપતિ બનાવવાની કાર્યશાળા'નું આયોજન (12/09/2026)



ગુજરાત વિદ્યાપીઠના કલામંદિર દ્વારા પર્યાવરણને અનુકૂળ ગણેશોત્સવના સંદેશ સાથે 'માટીના ગણપતિ બનાવવાની કાર્યશાળા'નું આયોજન કરવામાં આવ્યું. કાર્યશાળામાં આશરે 65 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાના હાથે માટીની પર્યાવરણમૈત્રી ગણેશ પ્રતિમાઓ તૈયાર કરી હતી. આ કાર્યશાળામાં ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) સહયોગી રહ્યું હતું. કાર્યશાળા દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણમૈત્રી ઉત્સવ અંગે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા શિક્ષણની સર્જનાત્મક રજૂઆત (24/09/2026)



ગુજરાત વિદ્યાપીઠના શિક્ષણ વિભાગનાં તાલીમાર્થીઓ દ્વારા શિક્ષણને વધુ રસપ્રદ અને અસરકારક બનાવવા માટે નાટ્યીકરણ પદ્ધતિનો સર્જનાત્મક ઉપયોગ કરવામાં આવ્યો હતો. પાઠપ્રસ્તુતિ દરમિયાન તાલીમાર્થીઓએ અભિનય, હાવભાવ, અભિવ્યક્તિ, સર્જનાત્મકતા, સ્ક્રિપ્ટ લેખન, મંચસજ્જા અને મંચનકળા જેવા વિવિધ પાસાઓનો ઉપયોગ કર્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા વર્ગખંડમાં શિક્ષણને જીવંત અને અનુભવ આધારિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તથા તાલીમાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતાના વિકાસને પ્રોત્સાહન મળ્યું હતું

## યોગવિદ્યા વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસ (27/09/2026)



ગુજરાત વિદ્યાપીઠના યોગવિદ્યા વિભાગ દ્વારા 'સર્ટિફિકેટ કોર્સ ઇન નેચરલ હીલિંગ થેરાપી' અને MYAS સેમેસ્ટર-1ના વિદ્યાર્થીઓ માટે એકદિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ માલસર ખાતે પરમહંસ યોગી સ્વામી માધવદાસજીની તપોભૂમિ અને સત્યનારાયણ આશ્રમની મુલાકાત લીધી. ઉપરાંત, કાયાવરોહણ ખાતે આવેલા લકુલીશ બ્રહ્મયોગ મંદિરની મુલાકાત દરમિયાન યોગ અને ભારતીય સંસ્કૃતિના ઐતિહાસિક મહત્ત્વ અંગે જાણકારી મેળવી હતી.

## M.P.Ed. સેમેસ્ટર ૧ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત અને શૈક્ષણિક આદાન-પ્રદાન (28-29/09/2026)




ગુજરાત વિદ્યાપીઠ, સાદરાના M.P.Ed.ના 37 વિદ્યાર્થીઓ અને 3 અધ્યાપકોની સહભાગિતામાં ત્રણ જૂથમાં શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ભૂપાલ નોબલ યુનિવર્સિટી, ઉદયપુર (રાજસ્થાન), સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર (ગુજરાત) અને દેવી અહિલ્યા યુનિવર્સિટી, ઇન્દોરના શારીરિક શિક્ષણ વિભાગોની મુલાકાત લેવામાં આવી. મુલાકાત દરમિયાન યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક અને સંશોધનાત્મક વિચારોનું આદાન-પ્રદાન થયું. વિદ્યાર્થીઓએ શૈક્ષણિક, રમતગમત અને સંશોધન પ્રવૃત્તિઓનું અવલોકન કરી, વિદ્યાર્થીઓ સાથે જૂથચર્ચા તથા અધ્યાપકો સાથે શૈક્ષણિક અને સંશોધનાત્મક સંવાદ કર્યો. ઉપરાંત, ગ્રંથાલય અને અન્ય શૈક્ષણિક સુવિધાઓની મુલાકાત દ્વારા વ્યવહારુ તથા જ્ઞાનપ્રદ અનુભવ પ્રાપ્ત કર્યો.

# તહેવારોની ઉજવણી

## વિદ્યાવાટિકા અને વિનય મંદિરમાં જન્માષ્ટમી તથા શિક્ષક દિવસની ઉજવણી (02/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાવાટિકા અને ગૂજરાત વિનય મંદિરમાં જન્માષ્ટમી પર્વ તથા શિક્ષક દિવસની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી. ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક સહભાગી થઇ વિવિધ પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બંને પ્રસંગોની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી હતી.

## ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં જન્માષ્ટમીની ઉજવણી (04/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં જન્માષ્ટમી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓ અને પરિસરના સભ્યો દ્વારા વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

## ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી ગણેશ મહોત્સવનો પ્રારંભ (14/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠ ખાતે શ્રી ગણેશ મહોત્સવ નિમિત્તે વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશની સ્થાપના કરવામાં આવી હતી. પરંપરાગત ધાર્મિક વિધિ સાથે ગણેશજીની સ્થાપના કરી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો. વિદ્યાપીઠ પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

## ગ્રામસેવા કેન્દ્ર-વલ્લભ વિદ્યાલયમાં ઇકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાઓનું નિર્માણ (14/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર-વલ્લભ વિદ્યાલયના કુમાર મંદિર અને વિનય મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ ચતુર્થી નિમિત્તે પર્યાવરણમૈત્રી ગણેશ પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના હાથે તૈયાર કરેલી પ્રતિમાઓની સ્થાપના કરી શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા સાથે પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણમૈત્રી તહેવારની ઉજવણી અંગે જાગૃતિ કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# અન્ય પ્રવૃત્તિઓ

## ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ 2026-27માં ગૂજરાત વિદ્યાપીઠને તૃતીય સ્થાન (15/09/2026)

ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા આયોજિત 'ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ 2026-27' અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠને પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટે કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ તૃતીય સ્થાન પ્રાપ્ત થયું હતું. 'Towards a Net-Zero Future: Gujarat Vidyapith as a Climate Smart, Sustainable Campus' ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ વિદ્યાપીઠના પર્યાવરણલક્ષી અને ટકાઉ વિકાસના પ્રયાસોને વધુ વેગ આપનારી બની છે.





## 'રાજસ્થાની ખ્યાત સાહિત્ય' વિષયક વિશેષ વ્યાખ્યાન (17/09/2026)

ગૂજરાત વિદ્યાપીઠના એસોસિયેટ પ્રોફેસર ડૉ. વિક્રમસિંહ અમરાવતે રાજસ્થાન યુનિવર્સિટીના ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિ વિભાગ ખાતે વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું. 'રાજસ્થાની ખ્યાત સાહિત્ય: સમાજશાસ્ત્રીય-ઐતિહાસિક વિશ્લેષણ અને આંતરવિષયક સંભાવનાઓ' વિષયક વ્યાખ્યાનમાં તેમણે ખ્યાત સાહિત્યમાં રહેલા ઐતિહાસિક તત્ત્વોના અભ્યાસ અને સંશોધનમાં તેની ઉપયોગિતા અંગે સંશોધનાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## એન.એસ.એસ. પ્રિ-આર.ડી. પરેડ કેમ્પ માટે વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયા (18/09/2026)

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે એન.એસ.એસ. પ્રિ-આર.ડી. પરેડ કેમ્પ માટે વિદ્યાર્થીઓની પસંદગીના હેતુથી વિશેષ પસંદગી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયામાં 26 યુનિવર્સિટીઓ અને આશરે 60 જેટલી વિવિધ સંસ્થાઓમાંથી આવેલા કુલ 380 સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ તબક્કાઓ દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.



## ઘુવડનું રેસ્ક્યૂ અને સારવાર માટે વન વિભાગને સોંપણી (28/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠના સમૃદ્ધ ઇકોલોજીકલ કેમ્પસમાં બીમાર હાલતમાં જોવા મળેલા ઘુવડનું તાત્કાલિક રેસ્ક્યૂ કરવામાં આવ્યું. યોગ્ય સારવાર અને સંભાળ માટે તેને વન વિભાગને સોંપવામાં આવ્યું. કુદરતી પર્યાવરણના સંતુલન અને સંરક્ષણમાં પક્ષીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ કામગીરી કરવામાં આવી હતી.

## કુલાધિપતિશ્રી અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શૈક્ષણિક વિદ્યાશાખાની મુલાકાત (30/09/2026)



ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ વિદ્યાશાખા દ્વારા માનનીય કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે મુલાકાત કરવામાં આવી. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે તેમના પ્રેરણાદાયી વિચારો અને માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. સાથે જ 2જી ઑક્ટોબરના વિશેષ કાર્યક્રમ માટે તેમને આમંત્રણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના શૈક્ષણિક તથા સામાજિક મંચો પર ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલપતિશ્રીની સક્રિય સહભાગિતા

## નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનની 31મી વાર્ષિક સામાન્ય સભામાં આદરણીય કુલપતિશ્રીની સહભાગિતા (03/09/2026)



નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન (NIF)ની 31મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન NIFના અધ્યક્ષ પ્રો. અનિલ સહસબુદ્ધેજીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે પણ સક્રિય સહભાગિતા નોંધાવી હતી. બેઠકમાં શિક્ષણ, સંશોધન અને નવીન વિચારોના વિકાસ તથા રાષ્ટ્રના પ્રગતિશીલ વિકાસ માટેના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2026ના કર્ટેન રેઇઝર કાર્યક્રમમાં આદરણીય કુલપતિશ્રીની ઉપસ્થિતિ (08/09/2026)



અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા નેશનલ બુક ટ્રસ્ટ (NBT)ના સહયોગથી વિશ્વ સાક્ષરતા દિવસ નિમિત્તે આયોજિત અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ (AIBF) 2026ના કર્ટેન રેઇઝર કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વાંચન, પુસ્તક અને સાક્ષરતાના મહત્ત્વ અંગે વિવિધ પ્રવૃત્તિઓ અને વિચારો રજૂ કરવામાં આવ્યા.

## રાજ્ય કક્ષાના યુવા સહકારી સેમિનાર-2026માં કુલપતિશ્રીનું સંબોધન (23/09/2026)



ગુજરાતના સહકારી ક્ષેત્રમાં યુવાનોની ભાગીદારી વધારવાના હેતુથી આયોજિત 'રાજ્ય કક્ષાનો યુવા સહકારી સેમિનાર-2026'ના ઉદ્ઘાટન સત્રમાં ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 'કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિ' વિષય પર પોતાના વિચારો રજૂ કરી યુવા પ્રતિભાઓને સહકારી ક્ષેત્રમાં સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કર્યાં હતાં.

## 'From Access to Impact' રાષ્ટ્રીય સેમિનારમાં કુલપતિશ્રી મુખ્ય અતિથિ (30/09/2026)



સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર 'From Access to Impact: Transformation, Research and Innovation in Indian Higher Education'ના સમાપન સત્રમાં ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. સેમિનારમાં ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન, સંશોધન અને નવીનતા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

# વિદ્યાપીઠના નોંધપાત્ર સ્નાતક
















## આગામી કાર્યક્રમો




| | |
|---|---|
| 2 October | ગાંધી જયંતી, યુવા ભારતી |
| 7 October | રેંટિયા બારસ |
| 18 October | 107મો ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિવસ |
| 26-31 October | પોષણ યાત્રા |

## ગૂજરાત વિદ્યાપીઠ

# ઇતિહાસનું પ્રતિબિંબ



ગૂજરાત વિદ્યાપીઠના હૃદયસમા પ્રાણજીવન વિદ્યાર્થી ભવન સાથે આ સંસ્થાનો એક સદી જેટલો ભવ્ય ઇતિહાસ જોડાયેલો છે. આ ભવનનો જે ઐતિહાસિક મુખ્ય દરવાજો છે, તે માત્ર એક પ્રવેશદ્વાર નથી પરંતુ ગાંધીયન સંસ્કારોનું કેન્દ્ર છે. આ જ સ્થાપત્ય કલાની પરંપરાને જાળવી રાખવા માટે વિદ્યાપીઠના વર્તમાન મુખ્ય પ્રવેશદ્વાર ( ગેટ નંબર-૧ )નું નિર્માણ કરાયું છે. તે મુખ્ય ગેટની ડિઝાઇનમાં પ્રાણજીવન ભવનના એ જ દરવાજાની ભવ્ય પ્રતિકૃતિને સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રતિકૃતિ વિદ્યાપીઠની સ્થાપનાના મૂળભૂત વિચારો અને તેની સ્થાપત્ય વિરાસત વચ્ચે એક મજબૂત સેતુ બાંધવાનું કામ કરે છે.

